# જય જિનેન્દ્ર

વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ

Newspaper Registration No. GUJGUJ10312 •• Postal Registration No. GUJ-553 •• Vol II, Issue 1 •• April, 2003

Post Box No. 15008 Ambavadi, Amdavad 380 015 • Visit us : http://www.jainshasan.com • E-Mail : jayjinendra@jainshasan.com


વિવિધ જૈન આગમોમાંથી સંકલિત

## બીજા વર્ષના આરંભે
## શાસન અને સંઘને નમસ્કાર થાઓ

1ST ANNIVERSARY

निव्वुइपहसासणयं जयइ सया सव्वभावदेसणयं।
कुसमयमयनासणयं जिणिंदवरवीरसासणयं॥

નિવૃત્તિ માર્ગનું શાસક, સર્વ ભાવોનું ઉપદેશક, કુશાસ્ત્રના મદનું નાશક એવું વીર જિનવરેન્દ્રનું શાસન સદા જયવંતું વર્તે છે.

तवनियमविणयवेलो जयइ सया नाणविमलविउलजलो।
हेउसयविउलवेगो संघसमुद्दो गुणविसालो॥

તપ, નિયમ અને વિનયરૂપી ભરતીથી યુક્ત, જ્ઞાનરૂપી વિમળ જળથી સમૃદ્ધ, સેંકડો હેતુઓરૂપી વિપુલ વેગથી સંપન્ન અને ગુણોથી વિશાલ એવો સંઘરૂપી સમુદ્ર સદા જયવંતો વર્તે છે.

परतित्थियगहपहनासगस्स तवतेयदित्तलेसस्स।
नाणुज्जोयस्स जए भद्दं दमसंघसूरस्स॥

પરતીર્થિકરૂપી ગ્રહોની પ્રભાને નષ્ટ કરી દેનાર, તપના તેજથી દીપ્ત લેશ્યાવાળા, જ્ઞાનરૂપી ઉદ્યોતવાળા એવા દમપ્રધાન સંઘરૂપી સૂર્યનું કલ્યાણ થાઓ.


જય જિનેન્દ્રની સાલગીરી નિમિત્તે
જૈનશાસન ગૌરવ વિશેષ પૂર્તિ

# બીજા વરસના પ્રારંભે થોડીક ખાટીમીઠી વાતો

**પ**ત્રકારત્વ એ ખાંડાની ધાર છે અને જૈન પત્રકારત્વ એ ભાલાની પથારી છે. ખાંડાની ધાર ઉપર ચાલવું સહેલું નથી તો ભાલાની પથારી ઉપર સૂવું તો એથીયે અઘરૂં છે. વીતેલા વરસમાં બન્ને પ્રકારના પત્રકારત્વને નજીકથી જોવાની તક મળી. જનરલ પત્રકારત્વમાં પીળું એટલું સોનું નથી અને જૈન પત્રકારત્વમાં ધોળું એટલું દૂધ નથી. બન્ને ક્ષેત્રમાં ખરીદી ન શકાય તેવા પત્રકારો આંગળીના વેઢે ગણાય એટલા જ છે.

ભારતના પત્રકારો દુનિયાની આઠમી અજાયબી જેવા છે. જે પત્રકારો પ્રલોભનો વચ્ચે પણ સત્ય અને નિષ્ઠાને વળગી રહે છે તેમને આ યુગમાં દુનિયાની આઠમી અજાયબી જેવા જ માનવા પડે! અને ભરબપોરે પણ પ્રકાશ ન જોઈ શકે એવા પત્રકારોને પણ દુનિયાની આઠમી અજાયબીમાં મૂક્યા વિના કેમ ચાલે!

વીતેલું વરસ જય જિનેન્દ્ર માટે ખાટી મીઠી યાદગીરીઓનું વરસ બની રહ્યું. આ દુનિયામાં પહેલી વાર પ્રવેશતા બાળક જેવું વિસ્મય અને દુનિયાને ખૂબ નજીકથી જોઈ ચૂકેલા વાનપ્રસ્થ જેવું અનુભવભાથું, આ બન્ને અવસ્થાઓ જય જિનેન્દ્રને પહેલા વરસમાં જ જોવા મળી.

### *જય જિનેન્દ્ર એક માત્ર એવું સામયિક છે જે પૂછી શકે છે કે રાજા નાગો કેમ છે?*

આખું નગર જ્યારે પોતાના રાજાને દિવ્ય વસ્ત્રોમાં સજેલો જુએ ત્યારે કોઈ બાળક ધડાકો કરીને પૂછે કે રાજા નાગો કેમ છે? એવા અનુભવો પણ જય જિનેન્દ્રને થયા. બાળકની સરળતા તો બધાંને ગમે છે પણ બાળકની સચ્ચાઈને પચાવવા જેટલા પરિપક્વ લોકો બહુ ઓછા છે. જય જિનેન્દ્રને પણ ગયા વરસમાં રાજા નાગો કેમ છે જેવા સવાલો પૂછવા મજબૂર બનવું પડ્યું, પરંતુ નગરજનોને રાજાની નાગાઈ (બન્ને અર્થમાં) નહોતી દેખાતી! બાળક જેવા સરળ બની રહેવા ઈચ્છતા એવા જય જિનેન્દ્ર સાથે બેસવામાં ઘણા લોકો અચકાતા અને ખચકાતા હતા, કારણ કે કૌરવોને નારાજ કરવાની કોઈ વ્યક્તિની ઈચ્છા નહોતી. દુર્યોધન ખુદ કહી શકે કે 'હું અધર્મને જાણું છું પણ તેને છોડી શકતો નથી અને ધર્મને જાણું છું પણ તેને આચરી શકતો નથી.' પણ દુર્યોધનના સભાસદો તો એવું સ્વીકારવાયે રાજી નહોતા કે દુર્યોધન કદી અધર્મ આચરી શકે!

### *વર્તમાન જૈન સંઘ જે સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે તેમાં કાણાને કાણો કહેવાનો સમય પાકી ગયો છે*

જય જિનેન્દ્રને એ વાતનો આનંદ છે કે કૌરવોને નારાજ કરવા ન ઈચ્છતા લોકોને પણ કાગડોળે જય જિનેન્દ્રની રાહ જોવી પડતી હતી. જય જિનેન્દ્ર સાથે બેસવામાં નાનમ સમજતા લોકોને દ્રૌપદીનાં ચીરહરણ કરતા લોકો સાથે બેસવામાં જરાય તકલીફ નહોતી થતી એ પણ જૈન સંઘની પ્રવર્તમાન સ્થિતિ અંગે ઘણુંબધું કહી જાય છે. જય જિનેન્દ્રના પહેલા અંકથી જ તેની એ નીતિ રહી હતી કે સચ્ચાઈની બાબતમાં કોઈ ચમરબંધીની પણ શરમ ભરવી નહીં અને સત્ય કહેવામાં કોઈ ચમરબંધીની પણ ભીતિ રાખવી નહીં. જય જિનેન્દ્ર પોતાની એ નીતિને મક્કમતાથી વળગી રહ્યું છે એ બાબત અમારી માટે ગૌરવ લેવા જેવી બની રહી છે. કોઈને ગમશે, કોઈને નહીં ગમે એવું વિચારનારા લોકોએ પત્રકારત્વમાં આવવું જ ન જોઈએ. 'આમ લખીશું તો કોઈ નારાજ તો નહીં થઈ જાય ને?' આવું વિચારનારા પત્રકારો વિશ્વાસ બેસે એવું રિપોર્ટિંગ કદી કરી શકે નહીં એમ જય જિનેન્દ્ર સ્પષ્ટપણે માને છે. જય જિનેન્દ્ર કફન બાંધીને નીકળ્યું છે અને આગામી સમયમાં તે પોતાની ફરજ બજાવવાનું ચાલુ જ રાખશે.

કાણાને કાણો ન કહેવો એ સિદ્ધાંત હવે જૂનો અને નક્કામો થઈ ગયો છે. કાણાને કાણો કહેવામાં જય જિનેન્દ્રને જરાયે ક્ષોભ થતો નથી અને થશે પણ નહીં. સવાલ જ્યારે શાસનના ગંભીર પ્રશ્નોનો હોય ત્યારે પણ કોને કેવું લાગશે એવું વિચારનારો શાસનને વફાદાર હોઈ શકે નહીં.

આ એ જૈનશાસન છે જે નિહ્નવોને નિહ્નવ કહેતાં જરાયે અચકાયું નથી. ગમે તેવા ચમરબંધી આ શાસનને છોડીને જતા રહે તેવી ભીતિ ઊભી થઈ હોય તોયે આ જૈનશાસને તેની પરવા નથી કરી. આ એ જૈનશાસન છે જેણે ખુદ ભગવાન મહાવીરના સગ્ગા ભાણેજ અને જમાઈની પણ પરવા નથી કરી. એ જૈનશાસનને છોડીને કાલ જતા હોય તો આજ જાય. કોઈના વગર જૈનશાસન અટકી પડશે એવું માનનારો જૈનશાસનને સમજ્યો નથી એમ બેધડક કહી શકાય. નથિંગ ઈઝ ઈન્ડિસ્પેન્સેબલ. કેટલાયે ચાલ્યા ગયા અને કેટલાયે કાચા ઘડા ફૂટી ગયા, આ શાસન અડીખમ છે. યુગે યુગે શાસન માટે ફના થનારા નરબંકાઓ પાકતા જ રહ્યા છે.

### *કોઈના વગર જૈનશાસન અટકી પડશે એવું માનનારો જૈનશાસનને સમજ્યો નથી એમ બેધડક કહી શકાય*

પોતાના જીવનનું પ્રથમ વરસ પૂરૂં કરી રહેલા જય જિનેન્દ્રની કોઈ સિદ્ધિઓ

જય જિનેન્દ્ર
1ST ANNIVERSARY

**કોઈને ગમશે, કોઈને નહીં ગમે એવું વિચારનારા લોકોએ પત્રકારત્વમાં આવવું જ ન જોઈએ**

છે કે કેમ તે કહેવા માટે અમે ઘણા નાના છીએ, પરંતુ જય જિનેન્દ્રમાં રજૂ થયેલા વિચારોના પડઘા કેવા પડે છે એ એકાદ બે દાખલાથી જ સમજી શકાય એવું છે. સંવત ૨૦૪૪ના તથાકથિત મુનિસમ્મેલનને ઘણા લોકો આ સદીની એક મહાન ઉપલબ્ધિ માનતા હતા અને તે સમ્મેલન પછી જૈનસંઘમાં જાણે સોનાનો સૂરજ ઊગી ગયો હોય તેવી હવા ફેલાવતા હતા અને હવે જૈનસંઘમાં સંપૂર્ણ એકતા સ્થપાઈ ગઈ છે એવું પ્રસ્થાપિત કરવા આકાશ-પાતાળ એક કરતા હતા. સમ્મેલનની નિષ્ફળતા અંગેના તંત્રીલેખ (જય જિનેન્દ્ર ઑક્ટોબર, ૨૦૦૨) અને પૂજનીય સદ્‌ગત આચાર્ય શ્રી હિમાંશુ-સૂરીશ્વરજી મહારાજના કાળધર્મ પ્રસંગે કરાયેલા તંત્રીલેખ (જય જિનેન્દ્ર જાન્યુ. ૨૦૦૩) પછી એ સમ્મેલનના એક અતિ ધુરંધર આચાર્ય મહારાજ પણ 'એકતા'ના બદલે 'આંશિક એકતા' જેવા શબ્દો હવે તેમના વિચારપત્રમાં વાપરતા થઈ ગયા છે. જૈન સંઘમાં એકતા સ્થપાઈ ચૂકી છે એ વાતનો પરપોટો ફૂટી ગયો છે એ બાબત જય જિનેન્દ્રે નોંધી હતી તેને સમર્થન આપતો આ સબળ પૂરાવો છે.

જૈનોએ પોતાને ધાર્મિક લઘુમતી ગણવા જોઈએ કે નહીં તે મુદ્દે જય જિનેન્દ્ર દ્વારા એક જાહેર ચર્ચાનું આહ્‌વાન કરાયું ત્યારે ઘણાનાં ભવાં અદ્ધર ચડી ગયાં હતાં. 'આજકાલનું જય જિનેન્દ્ર આવી ચર્ચા ઉપાડે' એ બાબત જ સ્થાપિત હિતો માટે કઠે તેવી હતી. પણ પરિણામ આવ્યું ત્યારે શું બન્યું? ન ધાર્યા હોય એટલી સંખ્યામાં જય જિનેન્દ્રના વાચકોએ એ ચર્ચામાં ઊલટભેર ભાગ લીધો. આ ચર્ચા અંગેનો અંક (જય જિનેન્દ્ર ઑગસ્ટ, ૨૦૦૨) પ્રગટ થયા પછી પણ કેટલાયે વાચકોના પ્રતિભાવો આવવાના ચાલુ રહ્યા, જેમાં તેઓએ નિખાલસ-ભાવે નોંધ્યું હતું કે 'અમને આ ચર્ચા આટલી હદે સફળ રહેશે તેવી કોઈ ધારણા જ નહોતી. નહીં તો અમે પણ તેમાં હોંશે હોંશે ભાગ લીધો હોત!' આ અંક પ્રકાશિત થયો ત્યારે જૈન મિડિયા ક્ષેત્રે વર્ષોથી જામી ચૂકેલાં મેગેઝિનો પણ મોંમાં આંગળા નાખી ગયાં હતાં. આ ઉપરાંત ગઈકાલના યતિઓ અને આજના સાધુઓ : તફાવત કેટલો? એ લેખ (જય જિનેન્દ્ર સપ્ટેમ્બર ૨૦૦૨) વાંચીને તો બહારથી ઊજળા થઈને ફરતા અને 'મુખમેં રામ બગલમેં છુરી'ના સિદ્ધાંતમાં માનતા મુનિવરોની ભ્રમરો પણ ખેંચાઈ ગઈ હતી. પરંતુ એ નક્કર અને વાસ્તવિક વિચારોનો પ્રતિકાર તેઓ કઈ મૂડી ઉપર કરી શકે?

જય જિનેન્દ્રના વાચકોને એ જાણીને આનંદ થશે અને બાકીનાને આંચકો લાગશે કે સપ્ટેમ્બર ૨૦૦૨ના જય જિનેન્દ્રના એ અંકની દસ હજાર નકલો પ્રકાશિત કરવામાં આવી હતી! જૈન મેગેઝિનોના ક્ષેત્રે આ એક વિક્રમજનક બનાવ છે.

જય જિનેન્દ્રનો જ્યારે પ્રથમ અંક પ્રકાશિત થયો ત્યારે તેનું પુનર્મુદ્રણ કરવું પડ્યું હતું. મતલબ કે જય જિનેન્દ્રનો પ્રથમ અંક અમારે બે વાર છાપવો પડ્યો હતો. શરૂ શરૂમાં અંકોનાં પાનાં ઓછાં હોવાથી કેટલાક લોકો કટાક્ષમાં એને 'પેંફલેટ' કહીને નવાજતા હતા. પરંતુ આજે હાલત એવી છે કે જય જિનેન્દ્રના અંકોની ધર્મક્ષેત્રના નેતાઓ કાગડોળે રાહ જોતા હોય છે અને જય જિનેન્દ્રના કાર્યકરો જાણે નહીં તે રીતે છાનેખૂણે નવો અંક મેળવી લેવાની તજવીજ કરતા હોય છે! મેગેઝિનની ગુણવત્તા એની સાઈઝ ઉપરથી નહીં, એના સત્ત્વ ઉપરથી મપાતી હોય છે. મોટી મોટી સાઈઝ ધરાવતાં અને જુઠ્ઠા લોકોની ભાટાઈ કે હા-જી-હા કરનારાં મેગેઝિનોની સામે જય જિનેન્દ્ર જેવા સચ્ચાઈના પંથે ચાલનારાં નાની સાઈઝ ધરાવનાર મેગેઝિનોનો પડકાર કેવો છે એ જાણવા માટે તો કોઈકે વેષપરિવર્તન કરીને નગરચર્યાએ નીકળવું જોઈએ!

'અમને કોઈ પૂછનાર નથી' એવો ઘમંડ રાખનારાં અને ધનશક્તિ તેમ જ ભક્તશક્તિના જોરે જૈનશાસનથી વિરુદ્ધ પ્રવૃત્તિઓમાં રચ્યા-પચ્યા રહેનારાં તત્ત્વોમાં જય જિનેન્દ્રમાં આવતાં તીખાં વાગ્બાણો પછી કેવો ફફડાટ પેદા થયો છે તે તો, તેઓ, મુઠ્ઠીઓ વાળીને દાંત કચકચાવે છે તે ઉપરથી જ સમજાઈ જાય છે!

> "...... ***જય જિનેન્દ્રનો જ્યારે પ્રથમ અંક પ્રકાશિત થયો ત્યારે તેનું પુનર્મુદ્રણ કરવું પડ્યું હતું. મતલબ કે જય જિનેન્દ્રનો પ્રથમ અંક અમારે બે વાર છાપવો પડ્યો હતો. શરૂ શરૂમાં અંકોનાં પાનાં ઓછાં હોવાથી કેટલાક લોકો કટાક્ષમાં એને 'પેંફલેટ' કહીને નવાજતા હતા. પરંતુ આજે હાલત એવી છે કે જય જિનેન્દ્રના અંકોની ધર્મક્ષેત્રના નેતાઓ કાગડોળે રાહ જોતા હોય છે અને જય જિનેન્દ્રના કાર્યકરો જાણે નહીં તે રીતે છાનેખૂણે નવો અંક મેળવી લેવાની તજવીજ કરતા હોય છે! મેગેઝિનની ગુણવત્તા એની સાઈઝ ઉપરથી નહીં, એના સત્ત્વ ઉપરથી મપાતી હોય છે. મોટી મોટી સાઈઝ ધરાવતાં જુઠ્ઠા લોકોની ભાટાઈ કે હા-જી-હા કરનારાં મેગેઝિનોની સામે જય જિનેન્દ્ર જેવા સચ્ચાઈના પંથે ચાલનારાં નાની સાઈઝ ધરાવનાર મેગેઝિનોનો પડકાર કેવો છે એ જાણવા માટે તો કોઈકે વેષપરિવર્તન કરીને નગરચર્યાએ નીકળવું જોઈએ!*** ......"

*જ્યાં સુધી ભારતના બંધારણમાં હિંદુઓ કરતાં ઓછી સંખ્યા ધરાવનાર કોઈ પણ વર્ગને લઘુમતી ગણીને તેના ઉત્થાન, વિકાસ અને પ્રગતિ માટે ખાસ દરજ્જો આપવાનું ચાલુ રહે ત્યાં સુધી જૈનોને પણ તે દરજ્જો મળવો જ જોઈએ એવી માગણી કરવામાં કશું જ અનુચિત નથી. જે દિવસે ભારતના બંધારણમાં ખરેખરા અર્થમાં સર્વ કોઈ ભારતીય નાગરિકને સમાન ગણવામાં આવશે તે દિવસે સંખ્યા કે વર્ગ આધારિત લાભો જતા કરવામાં જૈનો સૌથી આગળ હશે. પોતાના વર્ગના કલ્યાણ માટે જેઓ બંધારણનો લાભ ઉઠાવી શકતા નથી તેઓ સરવાળે ફેંકાઈ જાય છે.*

– 'જય જિનેન્દ્ર' અંક ૫, ઑગસ્ટ, ૨૦૦૨.

# પ્રથમ વર્ષ : એક ફ્લેશબેક

***જય જિનેન્દ્ર*નું પ્રથમ વર્ષ પૂરું થઈ રહ્યું છે ત્યારે વીતેલા વર્ષની યાદગાર ક્ષણોને ફ્રેમમાં મઢી લેવાના પ્રયત્નરૂપે ગત વર્ષની મહત્ત્વપૂર્ણ સામગ્રીમાંથી ચૂંટી કાઢેલા કેટલાક અંશો અહીં સાદર છે. સમાજને જગાડવાના પ્રયત્નરૂપે *જય જિનેન્દ્ર* દ્વારા કરાયેલ વિચારયજ્ઞના સમિધનાં આ છે થોડાંક સેમ્પલ...**

જૈનશાસનમાં આજે કેવી સ્થિતિ છે? અહીં પણ જો આર્થિક સામ્રાજ્ય વિશાળ હોય તો શિષ્યોની ફોજો ઊભી કરી શકાય છે. ભક્તોનાં ટોળાં જમાવી શકાય છે. ભાડુતી પ્રતિષ્ઠા ખરીદી શકાય છે. જે વસ્તુ આજની રાજનીતિમાં બની રહી છે તે જ વસ્તુ આજની ધર્મનીતિમાં પણ બની રહી છે. રાજકારણમાં અપરાધીકરણ વધ્યું છે, ધર્મમાં પણ અપરાધીકરણ વધ્યું છે. રાજકારણમાં સ્વપક્ષના ગુનેગારોને પણ છાવરવાની અને પરપક્ષના સજ્જનોને પણ ભાંડવાની બોલબાલા ચાલે છે, ધર્મના ક્ષેત્રમાં પણ આ જ બધું થઈ રહ્યું છે. જૈનધર્મ જેવા ઉદાત્ત ધર્મમાં પણ જ્યારે આ વાત બની રહી છે ત્યારે ક્યાંક કંઈક ભૂલ થઈ રહી હોય એમ લાગે છે.

**મે, ૨૦૦૨. 'એડિટોરિયલ'**

ખરેખર તો આડેધડ થતી દીક્ષાઓ ઉપર અને આડેધડ થતી પદવીઓ ઉપર લગામ તાણવાની જરૂરત છે. નવકાર મંત્રના અડસઠ અક્ષરો પણ ભૂલચૂક વગર લખી ન શકે એવા આચાર્યોની જૈન શાસનને કોઈ જરૂર નથી. જેના દુષ્ટ આચરણનો બચાવ કરવા ધનશક્તિને વચ્ચે લાવવી પડે એવા સાધુઓની પણ જૈન શાસનને કોઈ જરૂર નથી. આવા બનાવટી સાધુઓને હાંકી કાઢવાથી જૈનશાસન રસાતળ નહીં જાય!

**જૂન, ૨૦૦૨. 'એડિટોરિયલ'**

પોતાની માલિકીનું ધન છોડીને મુનિ બનેલ વ્યક્તિ કરોડો રૂપિયાનાં ટ્રસ્ટો બનાવીને સંસારમાં પોતાની પાસે હતું તેથી યે વધારે ધન ઉપર પોતાનો કાબૂ ધરાવે છે. તે મુનિની ઇચ્છા વગર ટ્રસ્ટમાંથી એક રૂપિયો પણ આઘોપાછો થઈ શકતો નથી. બ્રહ્મચર્યનું પાલન કરવાની બડાશ હાંકતો મુનિ સ્ત્રીઓનાં ટોળાંઓની વચ્ચે જ ઘેરાયેલો રહે છે. તે ધનશક્તિ દ્વારા સ્ત્રીઓને ખરીદે છે, ભોગવે છે અને પાછો પોતાને 'બ્રહ્મચારી' પણ કહેવડાવે છે. પોતાનાં પાપો ઢાંકવા માટે અને આબરૂ બચાવવા માટે તે નવેસરથી પૈસા ખરચે છે! રાગ-દ્વેષના ત્યાગની વાતો કરનાર તે મુનિના જીવનમાં કષાયોનો પાર જ નથી હોતો. તક મળ્યે તેના કષાયો ભડકી ઊઠે છે! ઘર વિનાનો એવો તે અણગાર પોતે બનાવેલા કહેવાતા ઉપાશ્રયને 'આ મારું ઘર છે' એમ કહે છે! આચારાંગસૂત્રમાં તો કહેવાતા ગુરુસાન્નિધ્યમાં રહેતા એ મુનિની ઠેકડી ઊડાડી છે જે ગુરુસાન્નિધ્યમાં રહીને પણ ચારિત્રના ચૂરેચૂરા કરે છે. આવા નકલી ત્યાગી માટે આચારાંગસૂત્રમાં 'કુશીલ' શબ્દ વાપરવામાં આવ્યો છે. આવા નકલી મુનિઓ લોકોની આંખોમાં ધૂળ નાખે છે, કારણ કે લોકોની દૃષ્ટિએ તે 'ગુરુકુલવાસી' હોય છે પરંતુ અંદરથી ભોગી હોય છે!

**'આનંદમૂર્તિ' જૂન, ૨૦૦૨. 'એક મુનિવરની ડાયરીમાંથી'**

શાસનરક્ષા તો લોહીમાં વણાઈને આવતી હોય છે. શાસનરક્ષા કરનારા વીરલાઓ એનાં નગારાં નથી વગાડતા. સદ્‌ગત ઇંદિરાજીએ કોઈ દિવસ 'આરપારની લડાઈ'ની બૂમો પાડી હતી? પણ બાંગલા દેશ વખતે શત્રુઓના દાંત કેવા ખાટા કરી નાખ્યા હતા! નોખી માટીના માણસો કામ કરી દેખાડતા હોય છે. 'કાં તો મારી વિજયયાત્રા નીકળશે અને કાં તો મારી સ્મશાનયાત્રા નીકળશે' એવા બણગા ફૂંકવાના નથી હોતા. બણગા ફૂંકનારાઓની ન તો વિજયયાત્રા પણ નીકળે છે અને ન તો સ્મશાનયાત્રા પણ નીકળે છે!

**જુલાઈ, ૨૦૦૨. 'પ્રાસંગિક'**

શું રાજકારણ કે શું સમાજકારણ, દરેકમાં આજે અમુક લોબીઓની જ બોલબાલા છે એ કોણ નથી જાણતું. આજના કહેવાતા લોકતંત્રમાં લોકોનો નહીં, સંગઠિત સમાજોનો અવાજ હોય છે. ગુજરાત, મુંબઈ અને રાજસ્થાન સહિત જ્યાં જ્યાં જૈનોનું પ્રાબલ્ય છે ત્યાં ત્યાં જૈનોનો કેટલો અવાજ છે? જૈનો જો આ મામલે સંગઠિત નહીં થાય તો આવતી કાલે જૈનો એક ભૂતકાલીન પ્રજામાં ફેરવાઈ જશે.

**ઑગસ્ટ, ૨૦૦૨. 'એડિટોરિયલ'**

બીજા ધર્મમાં માનનારાઓએ આ દેશની ટેમ્પરરી સરકારો પાસેથી લઘુમતીને મળતા બધા હક, લાભ અને રક્ષણ મેળવ્યાં છે. આપણે લઘુમતીમાં હોવા છતાં કાયદેસર એ સ્વીકારવામાં કાં તો આપણને શરમ આવે છે, કાં તો આપણો અહંકાર આપણને નડે છે! ........આપણો દેશ જેમ લક્ષ્યહીન અને નિર્નાયક છે તે જ રીતે આપણો અત્યારનો જૈન ધર્મ પણ લક્ષ્યહીન અને નિર્નાયક છે એ હકીકત સ્વીકારવી પડે. આપણે અહંકારી થવા જેવું કોઈ જ કારણ નથી એ સમજવું પડે.

**ડૉ. રશ્મિકાન્ત શાહ, ઑગસ્ટ, ૨૦૦૨.**
*(ધાર્મિક લઘુમતી અંગેની ચર્ચામાં ભાગ લેતાં)*

જૈનો ધાર્મિક લઘુમતી છે જ. લઘુમતીવાદ તરીકે જેને વગોવવામાં આવે છે તે કોઈ વાદ નથી. એ એક વ્યવસ્થા છે. સંખ્યામાં નાની હોય એવી પ્રજાની સુરક્ષા માટે બંધારણે આપેલા વિશેષ અધિકારોના ભાગરૂપે આ વ્યવસ્થા ઉદ્‌ભવી છે. મુસ્લિમો, ક્રિશ્ચિયનો, શીખો, પારસીઓ વગેરેને આ કારણસર જ લઘુમતીનો દરજ્જો આપવામાં આવ્યો છે. એ અર્થમાં જૈનો પણ પોતાની સુરક્ષા માટે પોતાને લઘુમતી ગણાવે એમાં કંઈ ખોટું નથી. મુશ્કેલી એ છે કે જૈનો રાજકીય રીતે તદ્દન અપરિપક્વ હોવાથી નેતૃત્વના અભાવે તેમના કાયદેસરના હક્કો બાબતે પણ સમાજમાં એકવાક્યતા જોવા મળતી નથી. માત્ર વેપારી લાભો જોવાની દૃષ્ટિમાંથી જૈનોએ બહાર આવવું પડશે.

**દેવેન્દ્ર કે. શાહ, ઑગસ્ટ, ૨૦૦૨.**
*(ધાર્મિક લઘુમતી અંગેની ચર્ચામાં ભાગ લેતાં)*

આજના શ્રમણસંઘમાં એમાંનું શું નથી જે યતિઓમાં હતું? આજના સાધુઓનો બહુ મોટો વર્ગ ભૂતકાળના યતિઓની જેમ જ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ધન ઉપર કાબુ ધરાવે છે. કોઈક યુગમાં ડોળીમાં વિહાર કરવો તેને આચારની શિથિલતામાં ખપાવાતો હતો, આજે બાકાયદા વ્હીલચેરમાં વિહાર કરનારા મુનિવરો પણ પોતાને સંવેગી સાધુ ગણાવે છે! ડોળીની સામે એક યુગમાં ચારિત્રના પક્ષપાતી સાધુઓ મોરચા કાઢતા હતા! આજે છાને ખૂણે મોટરમાં વિહાર કરવો અને લોકોને ઉલ્લુ બનાવવા ગામની બહાર ઊતરી જઈને એકાદ કિલોમિટર જેટલું ચાલતા જતા રહેવું એ સામાન્ય બાબત બની ગઈ છે! આને આત્મવંચના કહેવાય કે પરવંચના કહેવાય એ કહેવા માટે અમે ઘણા નાના છીએ......

.....ઉપાશ્રયમાં લાઇટ જોઈને ઉજેહીની કાગારોળ કરતા સંવેગી સાધુઓ પોતે સવારના પહોરમાં વિહાર કરે છે ત્યારે તેમને યતિઓ કરતાં કઈ રીતે ચડિયાતા કહી શકાય? ઉજેહીથી તેઉકાયની વિરાધના થતી હોય તો સવારના પહોરમાં ચાર-પાંચ વાગે વિહાર કરવામાં ક્યા

આચારની રક્ષા થાય છે? ટેલિફોન, મોબાઇલ ફોન, પંખા વગેરે સાધનોનો લોકોથી ડરીને ગુપ્તતાથી ઉપયોગ કરનારા સાધુઓની તો યતિઓ સાથે તુલના જ ન થઈ શકે!

**સપ્ટેમ્બર, ૨૦૦૨. 'એડિટોરિયલ'**

'શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી : કઈ રીતે મૂલવીશું?' (જુલાઈ, ૨૦૦૨) એ લેખ વાંચીને સ્વર્ગીય જૈનાચાર્યશ્રીના વિષયમાં ઘણી નવી વાતો જાણવા મળી. હું જન્મે જૈન નથી પરંતુ ભાવનાવશ ઘણાં જૈન દેરાસરોમાં જઉં છું. મહુડીમાં પણ અવારનવાર દર્શન કર્યાં છે. મહુડીની સ્થાપના પાછળ આવો સંઘર્ષ કરવો પડ્યો હશે તે પહેલી વાર જાણ્યું. 'પ્રવર્તક પરમહંસોને તો ગાળો જ ખાવાની હોય છે' લેખકના એ મુદ્દા સાથે સમ્મત થયા વિના ચાલે તેમ નથી. મહારાજશ્રીએ અનેક અબળાઓનાં શીલ બચાવી લીધાં એ મુદ્દો તે કાળ જૈનો જ ખુદ સમજી શક્યા નહીં તે કેવી કરુણતા કહેવાય!

**ગજાનન જોષી, સપ્ટેમ્બર, ૨૦૦૨. 'પ્રતિભાવ'**

એ કથિત સમ્મેલનનાં કેવાં પરિણામો આવ્યાં? સરવાળે એ સમ્મેલન સામા પક્ષ માટે ઉશ્કેરણીરૂપ બન્યું અને જવલ્લે જ થતી અલગ સંવત્સરીની અલગ આરાધનાના બદલે બારે બાર પર્વતિથિઓ અંગે જ્યારે જ્યારે લૌકિક પંચાંગમાં ક્ષયવૃદ્ધિ આવે ત્યારે તેને વળગી રહીને તેમની માન્યતા મુજબની અલગ આરાધનાઓ થવાની ચાલુ થઈ. કહેવાતા મુનિ સમ્મેલને જો વગર જોઈતી ઊતાવળ ન કરી હોત તો આમ ન થાત અને આજે પણ તિથિના પ્રશ્ને શાંતિ જ વર્તતી હોત.

**ઑક્ટોબર, ૨૦૦૨. 'એડિટોરિયલ'**

આપના તંત્રીસ્થાનેથી લખેલા લેખો વાંચી અતિ આનંદ થયો છે. આપે જૈન સમાજમાં ચાલી રહેલી ત્રુટિઓ જેવી કે સાધુસંસ્થા, ટ્રસ્ટીમંડળ તથા જૈન સમાજની નેતાગીરીને પારદર્શક રીતે વર્ણવી છે તે એક નીડર પત્રકાર તરીકેની ફરજ બજાવી છે. જૈન ધર્મમાં વ્યાપેલા સડારૂપ કેન્સર માટે ડૉક્ટર બનશો તો જૈન શાસન માટે સુંદર કાર્ય કર્યું કહેવાશે.... તમારી તલવારની ધાર જેવી કલમ સમાજને સુધારવામાં ઘણી ઉપયોગી બનશે. 'જય જિનેન્દ્ર' જેવાં પ્રકાશનો જો નિયમિત ચાલુ રહેશે તો સમાજને સાચો વળાંક આપશે એ નિઃશંક છે.

**શ્રી મુંબઈ જૈન પત્રકાર સંઘ** વતી
**જયંતીલાલ એમ. શાહ, જિતેન્દ્ર વીરવાડિયા.** મંત્રીઓ
**ઑક્ટોબર, ૨૦૦૨. 'પ્રતિભાવ'**

....બીજી રીતે જોઈએ તો કાગળનો બેફામ બગાડ, બીજા કરતાં મારૂં પંચાંગ કેવું રૂપાળું છે તે દેખાડવા માટે ફોરકલરમાં છાપકામ કરવાના કારણે પૈસાનો બેફામ બગાડ, મોંઘાદાટ આર્ટપેપરો વાપરવાના કારણે બિનજરૂરી ખર્ચનું ભારણ વગેરે બાબતો તરફ પણ ધ્યાન આપવાની જરૂરત છે. જે વસ્તુ એક વરસ પછી સાવ નકામી થઈ જવાની હોય અને પસ્તીમાં જ જવાની હોય તેની પાછળ આટલો બધો રૂપિયો બગાડવો કેટલો વ્યાજબી છે તે વિચારવું જોઈએ. હવે તો ખીસામાં રાખીને ફરી શકાય તેવાં ફોલ્ડર પંચાંગ પણ બહાર પડે છે. જેમાં ગુરુ ભગવંતોના ફોટાઓ, ભગવાન, દેવ-દેવીઓ વગેરેના ફોટા પણ હોય છે, જે ખીસામાં રાખીને ગૃહસ્થો ફરે તેથી મહાન આશાતનાનું કારણ પણ બની શકે. આપણે જૈનો તો ડગલેને પગલે આશાતનાથી ડરનારી પ્રજા છીએ. આપણે જ કાગળ, ફોટા, રૂપિયા વગેરેનો આવો બેફામ દુરુપયોગ કરીશું તો કેમ ચાલશે?

**દીપક વી. શાહ નવેમ્બર, ૨૦૦૨. 'અમારે કંઈક કહેવું છે'**

જૈનોને પોતાનાં પ્રાચીન ધર્મસ્થળોનો પુનરુદ્ધાર કરવો હોય છે ત્યારે હંમેશાં હેરિટેજવાળાઓ વચ્ચે ટપકી પડતા હોય છે અને ભારતના પ્રાચીન વારસાની દુહાઈ આપીને તેનો પુનરુદ્ધાર કરવાનું, જૈનોના સુવાંગ અધિકાર નીચે આવતું કાર્ય, ગતાગમ વગરના અભણ અને પછાત નેતાઓએ બનાવી કાઢેલા અને કહેવાતા પુરાતત્ત્વસંરક્ષણ કાયદાના નામે અટકાવવાની ગુસ્તાખી કરતા હોય છે. ભૂજના મુદ્દે હવે અવળી ગંગા વહી રહી છે. અહીં કુદરત સર્જિત ભૂકંપ પછી હવે નગરપાલિકાએ સર્જેલો ભૂકંપ પ્રાચીન વારસાની તબાહી મચાવી રહ્યો છે. અહીં જૈનોનાં પ્રાચીન ધર્મસ્થળો આધુનિક નૉન-મુસ્લિમ બાબરો તોડી રહ્યા છે ત્યારે હેરિટેજવાળાઓ કઈ ગુફામાં છુપાઈ ગયા છે? કચ્છના હજારો વર્ષોના ઇતિહાસમાં સેંકડો ભૂકંપોની થપાટો ખાઈ ખાઈને ઘડાઈ ગયેલી ખમીરવંતી કચ્છી પ્રજાના કાળજાને લાગેલા ભૂકંપના ઘા તો કાલે રુઝાઈ જશે અને લોહીના અણુએ અણુમાં વ્યાપેલા ભ્રષ્ટાચારની બિમારીના જીવાણુઓથી મજબૂર એવા ખાઈબદેલા અધિકારીઓ અને નેતાઓ દ્વારા ખવાઈ ગયેલી આંતરરાષ્ટ્રીય સહાયતાનાં પાપોને પણ કચ્છની ખમીરવંતી પ્રજા માફ કરી દેશે, (એ અધિકારીઓને બિચારાને છોકરાંછૈયાં હોય કે નહીં? અધિકારીઓને બચારાંવને મળતો ૨૦ હજારનો પગાર તે કંઈ પગાર છે? આટલો અમથો પગાર તે કંઈ આવી કપરી મોંઘવારીમાં પૂરતો થઈ રહેતો હશે? ખવૈયાઓને દિલથી માફ કર્યા, જાવ) પરંતુ નગરના સંરક્ષકોની ધર્મસ્થળ ઉપર બગડેલી નજરને ભૂજના અહિંસક જૈનો માફ કરે એ વાતમાં માલ નથી. કહે છે કે ભૂજના રસ્તાઓને મોટા કરાઈ રહ્યા છે એમાં આ ધર્મસ્થળો આડાં આવી રહ્યાં છે. યાદ રહે, ભારતમાં ન્યાયતંત્રના ઉચ્ચ અધિકારીઓ અને પહેલી ચૂંટણી લડતી વખતે ગરીબ અને બીજી ચૂંટણી લડતી વખતે રાજવી વૈભવમાં આળોટતા રાજનેતાઓના આવાસો ક્યારેય રસ્તાના નવીનીકરણમાં આડા આવતા નથી.

**પૂજ્ય મુનિ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ, ડિસેમ્બર, ૨૦૦૨.**
*(ભૂજ નગરપાલિકાના સત્તાવાળાઓને ચેતવણી આપતાં)*

સંવત ૨૦૪૪માં અમદાવાદમાં કહેવાતું મુનિસમ્મેલન મળ્યા પછી શ્રી સંઘના આગળપડતા પૂજ્યોએ રીતસરનું વચન આપ્યું અને વડીલ આચાર્ય ભગવંતોએ તેમને પારણું કરવા આદેશ પણ આપ્યો. આ વચનપૂર્વકના આદેશને માન આપીને પૂજ્યશ્રીએ સંવત ૨૦૪૪ના અખાત્રીજના શુભ દિવસે ઇક્ષુરસ દ્વારા અખંડ ૧૭૫૧ આયંબિલનું પારણું કર્યું. 'સાધુનું વચન અફર હોય' એમ ભોળાભાવે માનીને પારણું કરનારા આ આચાર્યશ્રીને બે જ મહિનામાં પોતે છેતરાઈ ગયાની અનુભૂતિ થઈ ગઈ અને તે વરસના અષાઢ માસથી તેઓશ્રીએ ફરીથી પોતાના અભિગ્રહને અમલમાં મૂક્યો. આમ બીજી વાર કઠોર અભિગ્રહ ધારણ કરવા માટે મજબૂર થવું પડ્યું એ એમને પારણું કરવાની ફરજ પાડનાર જૈનશાસનના આચાર્યોની બોલીને ફરી જવાની બેધારી તલવારની નીતિનો પડઘો પાડે છે. એક વાત તો નક્કી છે કે જેમણે વચનો આપ્યાં હતાં તેઓ પોતાનાં વચનો પાળી શક્યા નહોતા અને એમને તે અંગેનાં કલ્પિત કારણો ગળે ઊતારવામાં સફળ રહ્યા નહોતા.

**જાન્યુઆરી, ૨૦૦૩. 'એડિટોરિયલ'**

જેવી રીતે નાનું છિદ્ર પણ નાવને ડુબાડે છે તેવી રીતે નાનો સરખો દંભ પણ સાધનાને નષ્ટ કરી દે છે. માટે અધ્યાત્મમાં રત સાધકને લેશમાત્ર દંભ કરવો ઉચિત નથી.

**ડૉ. જિતેન્દ્ર બી. શાહ, જાન્યુઆરી ૨૦૦૩. 'અવતરણ'**

સંઘર્ષ માણસના જીવનશિલ્પને કંડારી આપે છે. વેદનાઓ માણસની આંતરિક આકૃતિને મઠારી આપે છે. જીવનનો નમૂનેદાર અને આદર્શ ઘાટ ઘડવામાં વ્યથાઓ અગત્યનો ભાગ ભજવે છે. પણ જેઓ સંઘર્ષ, વેદના, વ્યથા, સંકટો અને વિકટ પરિસ્થિતિઓથી મોઢું ફેરવી જાય છે તેઓ કાળની અજ્ઞાત ગર્તામાં વિલીન થઈ જાય છે. વિકટ પરિસ્થિતિથી મોઢું ફેરવી લેવાનો અર્થ પ્રગતિથી મોઢું ફેરવી લેવું એવો જ થાય છે.

**'આનંદમૂર્તિ' ફેબ્રુઆરી, ૨૦૦૩. 'એક મુનિવરની ડાયરીમાંથી'**

## વાચકો જ નક્કી કરે : જય જિનેન્દ્ર કેટલા પાણીમાં છે...

# જૈનશાસનની અજોડ પ્રતિભા : આચાર્ય હરિભદ્રસૂરિ

વિરાટ આકાશમાં જે સ્થાન શુક્રના તારાનું છે એ જ સ્થાન જૈનશાસનના નીલગગનમાં શ્રી હરિભદ્રસૂરિનું છે. સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિનો ઉલ્લેખ નીકળી જાય તો જૈનસંઘના ઇતિહાસ-માંથી અડધોઅડધ પાનાં ઓછાં થઈ જાય. હાડોહાડ જૈનશાસનવિરોધી એવા શ્રી હરિભદ્ર પંડિત હાડોહાડ જૈનશાસનરાગી બન્યા એ વાત કેવી રોમાંચક છે! એક એવો પણ સમય હતો કે જ્યારે હરિભદ્ર પંડિત તીર્થંકરની મૂર્તિ જોઈને તેનો ઉપહાસ કરતા : *'તારું શરીર જ કહી આપે છે કે તું દરરોજ માલપાણીની જ્યાફત ઉડાવે છે!'* એમનો આ ઇશારો જિનમૂર્તિની કદાવરતા તરફ છે. એ જ હરિભદ્ર પંડિતને એક દિવસ એવું કહેવું પડ્યું કે *'હે ભગવાન, તારી મૂર્તિ જ તારી વીતરાગતાનું જીવતું જાગતું પ્રમાણપત્ર છે!'* આટલું બધું પરિવર્તન એમના જીવનમાં ક્યાંથી આવી ગયું?

આવા પરિવર્તન માટેનાં કારણો એકથી વધુ છે. એક તો પ્રતિજ્ઞાપાલનની તેમની તીવ્ર મનોવૃત્તિ. બીજું, સત્યનો સાક્ષાત્કાર થયા પછી તેને સ્વીકારી લેવાની ભારોભાર તમન્ના અને સૌથી મહત્ત્વનું કારણ : તેમની બાળક જેવી નિરાડંબરી સરળતા. માંડીને વાત કરીએ અને તેમના જીવનમાં થોડાં છબછબીયાં કરીએ એટલે આ બાબત સ્પષ્ટ થશે.

પંડિત હરિભદ્ર એટલે ચિતોડના મહારાજાની રાજસભાના સૌથી લાડકવાયા રાજપુરોહિત. અગાધ વિદ્વત્તા, પ્રકાંડ તાર્કિકતા અને કોઈ પણ પદાર્થ કે તત્ત્વના ઊંડાણમાં ઊતરીને તેનો તાગ મેળવવાની તેમની અદમ્ય લાલસાએ એકબાજુ તેમને સમર્થ વિદ્વાન બનાવ્યા તો બીજી તરફ તેમને ભારોભાર અહંકારી પણ બનાવી દીધા. *'હું ન સમજી શકું એવું કોઈ તત્ત્વ આ દુનિયામાં હોઈ શકે જ નહીં,'* એવી તેમની શ્રદ્ધા અહંકારમાં ફેરવાઈ જાય એટલી પ્રબળ બની ચૂકી અને પોતાના જ્ઞાનના અતિવિશ્વાસમાં એમણે એક દિવસ પ્રતિજ્ઞા કરી દીધી કે *'કોઈનાં બોલેલાં વચનો હું ન સમજી શકું તો તેનો શિષ્ય બની જાઉં!'*

એક સમયે તેમની કટ્ટરતા એવી હતી કે પોતે કોઈ સાંકડી ગલીમાંથી ચાલ્યા જતા હોય અને સામેથી પાગલ થઈ ગયેલો હાથી આવતો હોય અને એ વખતે જીવ બચાવવાનું એકમાત્ર સ્થાન સાંકડી ગલીમાંનું જિનમંદિર હોય તો તેઓ હાથીના પગ નીચે કચડાઈને મરી જવાનું પસંદ કરે પણ જિનમંદિરમાં ઘુસી જઈને પોતાના પ્રાણ બચાવવાનું તો પસંદ ન જ કરે! આવા હરિભદ્રના અહંકારની પરાકાષ્ઠા તો જુઓ : તેઓ પોતાના પેટે કાયમ માટે પાટો બાંધી રાખતા. કારણ? પોતાના અતિજ્ઞાનના કારણે કદાચ ક્યારેક પોતાનું પેટ ફાટી જાય તો!? તેઓ એક નીસરણી પણ કાયમ પોતાની સાથે ને સાથે જ રાખતા. પોતાનાથી ડરીને કોઈ વાદી કે વિદ્વાન આકાશમાં ભાગી છૂટે તો સીડી ઉપર ચડીને તેને તત્કાલ નીચે ઊતારી શકાય! અને સાથોસાથ એક કોદાળી પણ ખરી, ખરે વખતે કોઈ વિદ્વાન જમીનમાં ઘુસી જાય તો તેને ખોદીને બહાર કાઢી શકાય! અને હા, કોઈ પંડિત પાણીમાં ન ઊતરી જાય એ માટે એક જાળ પણ સાથે ખરી જ. આવા અહંકારના નશામાં જ કાયમ ડૂબેલા રહેતા હરિભદ્ર પંડિત જંબૂવૃક્ષની એક ડાળ પણ પોતાની સાથે રાખતા : *આ આખા જંબૂદ્વીપમાં પોતાના જેવો કોઈ વિદ્વાન નથી* એ દર્શાવવા માટે જ તો! ટૂંકમાં, આ મહાપંડિત પોતાની જાતને સર્વજ્ઞ કરતાં જરાય ઓછા માનતા જ નહોતા! આટલાં બધાં આડંબરો પછી પણ તેમની રહેણીકરણી એક મહારાજા કરતાં જરાયે ઓછી નહોતી. પાલખીની નીચે તો તેઓ પગ જ ન મૂકે. પચાસ સો માણસોના ટોળા વિના ક્યાંય બહાર ન જાય. પોતે નગરમાં ફરવા નીકળ્યા હોય કે રાજાના દરબારમાં જતા હોય, તેમનાં ગુણગાન ગાવાનાં ફરજિયાત. આવાં ગુણગાન ગાવા માટે પાછા પોતાના પગના જુત્તા બરાબર ગણાતા હોય એવા પંડિતો જ જોઈએ. બાકી હતું તે ભારતભરના બધા ખેરખાં જેવા પંડિતોને વાદવિવાદમાં હરાવીને ધૂળચાટતા કરેલા એટલે સમગ્ર ચિતોડમાં ય આબાલવૃદ્ધ સૌ કોઈના માનીતા અને લાડકા. ચિતોડના મહારાજાના તેમની ઉપર ચારેય હાથ. હવે વિચાર કરો કે કોનો દાડો ફર્યો હોય તે આવા મહાપંડિતની હડફેટે ચડે! 'બહુરત્ના વસુંધરા' જેવા સિદ્ધાંતોમાં માને એ બીજા, હરિભદ્ર નહીં. આ ભૂમિ ઉપર રત્ન, સોનું કે આભૂષણ જે ગણો તે એક માત્ર પોતે જ!

હરિભદ્ર પોતાની જાતે જ પોતાને સરસ્વતીના પુત્ર માને. એમનું ચાલે તો તેઓ ખુદ સરસ્વતીને પણ પોતાની સાથે વાદવિવાદ કરવા મજબૂર કરે! આવા સાક્ષાત અહંકારના મોટા ભાઈ જેવા પંડિત હરિભદ્રને પણ એકવાર થંભી જવું પડે એવો બનાવ બની ગયો.

રાજદરબારમાંથી પાછા ફરતી વખતે એક ઉપાશ્રય પાસેથી પસાર થતા હતા અને તેમના કાને એક શ્લોક અથડાયો :

चक्किदुगं हरिपणगं
पणगं चक्कीण केसवो चक्की।
केसव चक्की केसव
दुचक्की केसव चक्की य॥

પંડિતજી પરસેવે રેબઝેબ થઈ ગયા! જીવનમાં પહેલીવાર એવું બન્યું હતું કે કાને પડેલા શ્લોકનો અર્થ સમજાતો નહોતો. એમના પગ તરત જ ઉપાશ્રયમાં વળી ગયા. જીવનમાં પહેલીવાર પોતાના અહંકારને એક ધક્કો લાગ્યો હતો. એમનો ખ્યાલ તો એવો હતો કે *'પોતે ન સમજી શકે એવું કોઈ તત્ત્વ આ દુનિયામાં હોઈ શકે જ નહીં,'* એના બદલે આજે જૂદો જ અનુભવ થઈ રહ્યો હતો. એમણે ઉપાશ્રયમાં પ્રવેશતાં જ જોયું તો સામે એક સાધ્વીજી સ્વાધ્યાય કરતાં હતાં અને એમાંના કોઈ શ્લોક પંડિતજીને સમજાતા નહોતા!

*'આ ન સમજાય એવું ચકાચક ચકાચક શું થઈ રહ્યું છે?'* અહંકારી પંડિતે હાથ પણ જોડ્યા વિના જ પૂછ્યું. પ્રશ્નમાં કટાક્ષ પણ હતો અને પોતાને કશી સમજ નથી પડતી એની આડકતરી કબૂલાત પણ હતી. સામે બેઠેલાં સાધ્વીજી તે યાકિની મહત્તરા. જેઓ પાછળથી શ્રી હરિભદ્રસૂરિનાં ધર્મમાતા બની જવાનાં હતાં. વ્યવહારકુશળ અને હાજરજવાબી એવાં સાધ્વીજીએ એક પળ પણ બગાડ્યા વિના જવાબ

**યાકિની મહત્તરાથી બોધ પામેલા શ્રી હરિભદ્રસૂરિએ પોતાને દરેક સ્થળે યાકિની મહત્તરાના ધર્મપુત્ર તરીકે ઓળખાવ્યા છે**

આપ્યો : *'નવું લીંપેલું આંગણું ચકાચક ચકાચક થઈ રહ્યું છે!'* ઈંટનો જવાબ પથ્થરથી મળશે એવું તો પંડિત હરિભદ્રે ક્યાંથી ધાર્યું હોય!

ભારોભાર અહંકારથી છલકાતા હરિભદ્રની ભીતર બેઠેલી બાળક જેવી સરળતા જાગ્રત થઈ ઊઠી : *'આપ મને આનો અર્થ સમજાવોને.'* સાધ્વીજીનું તપોમય તેજસ્વી વ્યક્તિત્વ જોઈને પંડિતજીથી અભાનપણે હાથ પણ જોડાઈ ગયા. આ એમના જીવનનો પહેલો પરાજય હતો.

*'આનો અર્થ તો અમારા ગુરુજી સિવાય કોઈ ન સમજાવી શકે!'* યાકિની મહત્તરાનો મુદ્દાસરનો ઉત્તર સાંભળીને હરિભદ્રને ઓર નવાઈ લાગી. જેમનું બોલેલું મને સમજાતું નથી એવાં આ સાધ્વીજીનાયે પાછા કોઈ ગુરુ હોય? તો પછી એમનો સામનો મારાથી કેવી રીતે થશે?

*'ભગવતી, મારી પ્રતિજ્ઞા છે કે મને જેનું બોલેલું ન સમજાય તેના મારે શિષ્ય બની જવું. આપની સામે મારું પાંડિત્ય આજે હાર્યું છે.'*

*'મારા ગુરુના શિષ્ય બનીને આપ આપની સર્વ જિજ્ઞાસા સંતોષી શકો છો.'* યાકિની મહત્તરા પંડિત હરિભદ્રને એમને પોતાના ગુરુ આચાર્ય જિનભટસૂરિ પાસે લઈ ગયાં.

પંડિત હરિભદ્રનું પરિવર્તન એટલું ઝડપી હતું કે ચિતોડના મહારાજા અને નગરજનો પણ હેબતાઈ ગયા.

વૈદિક પંડિતમાંથી જૈન મુનિ બનેલા હરિભદ્રનું વ્યક્તિત્વ તો પહેલેથી ઊજળું હતું જ. ગુરુનિશ્રામાં રહીને એમણે જૈનદર્શનનું આમૂલચૂલ અધ્યયન કર્યું એથી એમના ઊજળા વ્યક્તિત્વમાં ઓર નિખાર આવ્યો. પહેલાં જ્ઞાનનો ભાર હતો. હવે જ્ઞાન સાથે ચારિત્ર ભળતાં વિનમ્રતા આવી. કાળાંતરે એમની પ્રખર પ્રતિભાથી આકૃષ્ટ થઈને એમને આચાર્યપદ આપવામાં આવ્યું. હવે તેઓ આચાર્ય હરિભદ્રસૂરિ તરીકે ઓળખાવા લાગ્યા.

આચાર્ય હરિભદ્રસૂરિ દ્વારા જે સાહિત્યસૃષ્ટિ ખડી થઈ છે તે અકલ્પ્ય છે. અધ્યાત્મજગત અને દર્શનશાસ્ત્રનો કોઈ વિષય એવો નથી જેની ઉપર હરિભદ્રસૂરિએ કલમ ન ચલાવી હોય.

યોગના વિષયને તેમણે નવી પરિભાષા આપી. જૈન દર્શનમાં હરિભદ્રસૂરિ પૂર્વે યોગના વિષયમાં બહુ ઓછું લખવામાં આવતું હતું. હરિભદ્રસૂરિએ પતંજલિના યોગવિષયક ગ્રંથોની હરોળમાં ઊભા રહી શકે એવા એક એકથી ચડિયાતા ગ્રંથો આપ્યા. યોગબિન્દુ, યોગદૃષ્ટિ-સમુચ્ચય, યોગવિંશિકા વગેરે ગ્રંથો આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. યોગના વિષયમાં જૈનસંઘને નવી વિચારધારા તરફ વાળવાનું શ્રેય નિશ્ચિતપણે શ્રી હરિભદ્રસૂરિના ફાળે જ જાય છે.

## આ રીતે લખાઈ સમરાદિત્ય કથા

*આચાર્ય હરિભદ્રસૂરિના બે શિષ્યો હંસ અને પરમહંસ બૌદ્ધ દર્શનનો અભ્યાસ કરવા બૌદ્ધ મઠમાં ગુપ્ત રીતે રહ્યા હતા. જતે દિવસે એમની ઓળખ ખુલ્લી પડી જવાથી બૌદ્ધો દ્વારા તેમની હત્યા કરવામાં આવી એવી કથાઓ મળે છે. કથાઓમાં કહેવાયા પ્રમાણે આ ઘટનાથી આઘાત પામેલા હરિભદ્રસૂરિ ખૂબ ગુસ્સે થઈ ગયા અને તેમણે પણ બૌદ્ધોને મૃત્યુદંડ આપવાનું વિચાર્યું. પરંતુ ગુરુએ સમજાવવાથી તેઓ પોતાના વિચારોમાંથી પાછા વળ્યા. કેટલીક કથાઓમાં ગુરુએ સમજાવ્યાનું જણાવાયું છે, તો કેટલીક કથાઓમાં યાકિની મહત્તરાએ સમજાવ્યાનું જણાવાયું છે. કોઈ કથા તો ગુરુ દ્વારા પ્રેરિત એક શ્રાવકે તેમને સમજાવીને આ માર્ગેથી પાછા વાળ્યાનું કહે છે.*

*હરિભદ્રસૂરિની સમજાવટ માટે તેમને સમરાદિત્યના જીવન ઉપર ચિંતન કરવાનું કહેવામાં આવ્યું હતું. આ પછી તેમનો ભભૂકી ઊઠેલો ક્રોધ શાંત પડ્યો હતો અને મહાહિંસાનાં રૌદ્ર પરિણામો તેમને સમજાયાં હતાં.*

*સમરાદિત્યની કથા જૈન સાહિત્યમાં ખૂબ જાણીતી છે. દસ દસ ભવો સુધી વેરની પરંપરા કેવી રીતે આગળ વધે છે તેનું આમાં રોચક બયાન છે.*

*કહે છે કે આ કથાથી પ્રભાવિત થઈને શ્રી હરિભદ્રસૂરિએ પ્રાકૃત ભાષામાં સમરાદિત્ય કથાનું સર્જન કર્યું. પ્રાકૃત સાહિત્યનો આ એક બેનમૂન ગ્રંથ છે.*

તેમણે જૈન આગમો ઉપર સંસ્કૃતમાં ટીકાઓ લખી જે પરવર્તી આચાર્યો માટે સંસ્કૃતમાં આગમિક ટીકાઓ લખવાનો રાજમાર્ગ બની ગઈ. તેમની બાવીસ હજાર શ્લોક પ્રમાણ આવશ્યકસૂત્રની ટીકા આગમિક સાહિત્ય ઉપર તેમણે ચલાવેલી કલમનો ઉત્કૃષ્ટ નમૂનો છે. આ ટીકામાં સામાયિક વગેરે પદો ઉપર ખૂબ વિસ્તારથી હૃદયંગમ વર્ણન કરાયું છે.

દશવૈકાલિકસૂત્ર, જીવાભિગમસૂત્ર, પન્નવણા સૂત્ર, નંદીસૂત્ર, અનુયોગદ્વારસૂત્ર વગેરે આગમો ઉપરની તેમની વૃત્તિઓ જૈન આગમિક સાહિત્યનો અજોડ વારસો છે. તેમણે પિંડનિર્યુક્તિ ઉપર પણ ટીકા લખી હતી, જે અપૂર્ણ રહી હતી અને તેને શ્રી વીરાચાર્ય દ્વારા પૂર્ણ કરવામાં આવી હતી. આવશ્યકસૂત્ર ઉપર એમણે ૮૪ હજાર શ્લોક પ્રમાણ બૃહદ્‌વૃત્તિ લખી હતી પરંતુ તે અત્યારે ઉપલબ્ધ થતી નથી.

આગમિક સાહિત્ય સિવાયના ગ્રંથો ઉપર પણ તેમનું ટીકાસાહિત્ય મળે છે. તત્ત્વાર્થસૂત્ર, ક્ષેત્રસમાસ, સર્વજ્ઞસિદ્ધિ, ન્યાયાવતારવૃત્તિ વગેરે તેનાં શ્રેષ્ઠ ઉદાહરણો છે. તેમણે પોતે જ રચેલા યોગદૃષ્ટિસમુચ્ચય ઉપર પણ તેમની વિસ્તૃત સ્વોપજ્ઞ વૃત્તિ ઉપલબ્ધ છે.

અનેકાંતજયપતાકા, અનેકાંતવાદપ્રવેશ, શાસ્ત્રવાર્તાસમુચ્ચય વગેરે ગ્રંથોમાં તેમની પ્રબળ તાર્કિકશક્તિનો પરિચય મળે છે. આ ગ્રંથો વાંચ્યા પછી કોઈ સ્વપ્નમાંય ન વિચારી શકે કે આ પ્રકાંડ વિદ્વાન પૂર્વાવસ્થામાં કોઈ કાળે જૈનધર્મના કટ્ટર વિરોધી રહ્યા હશે! ષડ્‌દર્શનસમુચ્ચય ગ્રંથમાં તેમણે તત્કાલીન ભારતીય દર્શનોની માન્યતાઓનું સંકલન કર્યું છે.

સુપ્રસિદ્ધ બૌદ્ધ વિદ્વાન ગિઙ્‌નાગના ન્યાયપ્રવેશ ઉપર પણ તેમણે ટીકા લખી. બૌદ્ધ દર્શનમાં પ્રવેશવા ઇચ્છતા વિદ્યાર્થી માટે આ ટીકા પ્રવેશદ્વાર તુલ્ય બની રહે તેવી છે. કોઈ જૈનાચાર્ય જ્યારે અજૈન ગ્રંથ ઉપર વૃત્તિ લખે ત્યારે તેનું સમત્વ અને તેની સર્વદેશીય વિદ્વત્તા બન્ને કસોટીની એરણ ઉપર ચડતાં હોય છે. શ્રી હરિભદ્રસૂરિ આ કાર્યમાં સંપૂર્ણ સફળ થયા છે એમ અવશ્ય કહી શકાય.

તેમનું કથાસાહિત્ય પણ બેનમૂન છે. સમરાદિત્ય કથા જેવો ગ્રંથ પ્રાકૃત ભાષા ઉપરનું તેમનું પ્રખર પાંડિત્ય સૂચવે છે. ધૂર્તાખ્યાન નામના તેમના ગ્રંથમાં પૌરાણિક અસંગત અને અવિશ્વસનીય કથાઓ ઉપર ચોટદાર કટાક્ષબાણો છોડવામાં આવ્યાં છે.

આ ઉપરાંત ધર્મબિન્દુ, ઉપદેશપદ, સંબોધપ્રકરણ, અષ્ટક પ્રકરણ, ષોડશક પ્રકરણ, વગેરે નાનાં-મોટાં પ્રકરણો અને ગ્રંથોમાં તેમણે જે તે વિષય ઉપર જે લખ્યું છે તે તેમની સર્વદેશીય વિદ્વત્તાનો પરિચય કરાવે છે.

શ્રાવકપ્રજ્ઞપ્તિ, દર્શનસપ્તતિકા, પંચવસ્તુ વગેરે ગ્રંથોમાં આચારવિચારનું નિરૂપણ મનમોહક રીતે કરાયું છે.

આચાર્ય હરિભદ્રનું ઘણું જ સાહિત્ય કાળના પ્રવાહમાં નષ્ટ થઈ ગયું છે, પરંતુ જેટલું ઉપલબ્ધ છે એટલું પચાવવું પણ આપણી જેવાઓ માટે તો અતિદુષ્કર છે. ●

# જૈન શાસનના મહાન પ્રભાવક : આર્ય સમિત

જૈનશાસનના મહાપ્રભાવક આચાર્ય તરીકે આર્ય સમિતનું નામ આદરપૂર્વક લેવામાં આવે છે. તેઓ આર્ય સિંહગિરિના શિષ્ય હતા અને સુપ્રસિદ્ધ આચાર્ય વજ્રસ્વામીના મોટા ગુરુભાઈ હતા અને સંસારીપણામાં તેઓ વજ્રસ્વામીના મામા થતા હતા.

એમના જીવનનો એક યાદગાર પ્રસંગ છે, જે તેમની શાસનનિષ્ઠા અને તેમના ચારિત્રાચાર પ્રત્યે મસ્તક ઝુકાવી દે એવો છે.

એકવાર આર્ય સમિત વિહાર કરતા કરતા અચલપુરમાં પધાર્યા. આ નગરની નજીકમાં જ કૃષ્ણા અને પૂર્ણા એ નામની બે નદીઓ વહેતી હતી. આ બે નદીની વચ્ચેના બ્રહ્મદ્વીપ નામે ઓળખાતા પ્રદેશમાં તાપસોનો આશ્રમ હતો. આ આશ્રમમાં એક તાપસ રહેતો હતો. એ જ્યારે પણ નદી ઓળંગીને નગરમાં આવતો ત્યારે નદીના પાણી ઉપર ચાલીને આવતો. તેના પગ ક્યારેય પાણીમાં ડૂબતા નહોતા. ચમત્કારપ્રેમી લોકોમાં તેની ખૂબ નામના હતી. લોકો તેનું ખૂબ બહુમાન કરતા. *આપની પાસે આવી શક્તિ ક્યાંથી આવી* એવા પ્રશ્નના ઉત્તરમાં તે આકાશ તરફ હાથનો સંકેત કરતો. લોકો સમજતા : ઉપરવાળાની મહેરબાની છે. ખુદ ભગવાન જેના ઉપર મહેરબાન હોય એના પ્રભાવનું શું પૂછવું! ચમત્કારને નમસ્કાર એ તો આમ પણ આ જગતનો ક્રમ છે!

અચલપુરના શાણા જૈનો આ વાતથી વ્યથિત હતા. એમને વાતવાતમાં સાંભળવું પડતું : તમારા ત્યાગી કહેવાતા ગુરુઓમાં છે કોઈ આવો ચમત્કાર? અસલી સાધના તો આમની જ. જુઓ પાણી ઉપર પણ કેવા સડસડાટ ચાલે છે અમારા ગુરુજી!

આર્ય સમિત પાસે વાત પહોંચી. એમણે શ્રાવકોને આશ્વાસન આપ્યું અને સમજણ પણ આપી : આ કોઈ ચમત્કાર નથી. એ તો લેપવિજ્ઞાનની કરામત છે. અમુક વનસ્પતિઓના સંયોજનથી અમુક પ્રકારના લેપ તૈયાર કરી શકાય તો પાણી ઉપર તો શું, આકાશમાં ય ઊડી શકાય!

આર્ય સમિતની સૂચનાથી એક પીઢ શ્રાવકે પેલા તાપસને પોતાના ઘરે જમવાનું આમંત્રણ આપ્યું. સાથોસાથ તેના સેંકડો ભક્તોને પણ જમવા બોલાવ્યા. લોકોમાં તો તાપસની વાહવાહ થઈ ગઈ. આ વાણિયો કોઈ દિવસ જૈન મુનિઓ સિવાય કોઈને ઝુકે નહીં, એ પણ આપણા ગુરુજીનો ભગત બની ગયો! એમ ત્યારે. બાપજીના ચમત્કાર આગળ તો બધાને નમી જવું પડે.

ભોજનના સમયે 'ગુરુજી'ના પગ પખાળવામાં આવ્યા. તાપસ ના ના કરતો રહ્યો અને શ્રાવક આગ્રહ કરતો રહ્યો. *અરે, એમ તે કંઈ ચાલતું હશે, આપનાં ચરણ પખાળીને અમને ધન્ય બનાવવાનો મોકો તો આપવો જ પડશે.* બીજા પીઢ શ્રાવકો પણ આ આગ્રહમાં જોડાયા. શ્રાવકોની આવી વાતથી તાપસ અને તેના ભક્તો મનોમન ફૂલાઈ ગયા. ભોજનસમારંભ પત્યો. તાપસને વિદાય આપવા સેંકડો લોકો તેની સાથે ચાલ્યા. થોડોઘણો લેપ તો હજી પગે ચોંટેલો હશે જ એમ માનીને તાપસે પણ અતિસાહસ કરીને નદીમાં પગ મૂક્યો. પણ તે પાણીની ઉપર ચાલવાના બદલે નદીમાં ડૂબવા લાગ્યો.

એ જ સમયે અગાઉથી નક્કી કર્યા મુજબ આર્ય સમિત ત્યાં પધાર્યા. તેઓ નદી તરફ જોઈને મોટેથી બોલ્યા : હે નદીમાતા, અમારે સામા કિનારે જવું છે, તો તમે અમને માર્ગ આપશો? એટલામાં જ નદીના બન્ને કિનારા સંકોચાઈને પાસે પાસે આવી ગયા. આર્ય સમિત એમના શિષ્યો અને પ્રજાજનો સાથે નદીના સામે કિનારે પહોંચી ગયા. આર્ય સમિતના આ ચારિત્રના પ્રભાવને જોઈને લોકો અભિભૂત થઈ ગયા. બ્રહ્મદ્વીપના તાપસો પણ આર્ય સમિતથી પ્રતિબોધ પામીને તેમનાં ચરણો દીક્ષિત બની ગયા.

# इंगियाकारसंपन्ने से विणीए त्ति वुच्चइ

તપાગચ્છાધિરાજ વિજયદાનસૂરિ એટલે જગદ્ગુરુ હીરવિજયસૂરિના આરાધ્ય ગુરુદેવ. તેમના જીવનનો એક યાદગાર પ્રસંગ ઇતિહાસ ગ્રંથોમાં ઉપલબ્ધ છે. પોતે હજી આચાર્ય નહોતા બન્યા એ વખતની વાત છે : એ વખતે એમનું નામ પં. ઉદયધર્મ હતું. એક દિવસ સહવર્તી મુનિવરો ગોચરી વહોરી લાવ્યા. સંયોગવશ ગોચરી ખૂબ વધી પડી. બધા મુનિવરોએ ગોચરી પતાવવા પૂરતો સહયોગ આપ્યા પછી પણ ત્રણ મુનિવરો વાપરે ત્યારે માંડ પતે એટલી ગોચરી વધી. હવે શું કરવું? ગુરુદેવે શિષ્યોને ઉદ્દેશીને કહ્યું : 'જે સાધુ આ ગોચરી વાપરી જશે તેને હું મનપસંદ કાંબળી આપીશ. બને ત્યાં સુધી આ ગોચરી પરઠવવી નથી.' પં. ઉદયધર્મ પોતાના ગુરુની મનોભાવનાને જાણીને એકલા જ વધારાની બધી ગોચરી વાપરી ગયા. બીજા દિવસે સવારે એમણે પોતાના ગુરુદેવ પાસે અટ્ઠમનું પચ્ચક્ખાણ લઈ લીધું. ત્રણ ઉપવાસના અંતે ગુરુદેવે પારણું કરાવ્યું અને કહ્યું : 'તને પસંદ હોય તેવી કામળી માગી લે.' પં. ઉદયધર્મે કહ્યું કે 'આપની કૃપા એ જ મારી માટે મનપસંદ કાંબળીતુલ્ય છે. કાંબળી મેળવવાની ઈચ્છાથી મેં એ ગોચરી વાપરી નહોતી પરંતુ આપની ભાવના હતી કે વધેલી ગોચરી પરઠવવી નથી, તેથી જ મેં તે વાપરી હતી.'

આ પં. ઉદયધર્મ આગળ જતાં તપાગચ્છાધિરાજ વિજયદાનસૂરિ બન્યા. એમનો યુગ એ ઉત્તરવર્તી જૈન ઇતિહાસનો સુવર્ણયુગ માનવામાં આવે છે. આ મહાપુરુષે જીવન પર્યંત છએ વિગઈઓનો ત્યાગ રાખ્યો હતો. તેઓ આગમોના પ્રખર જાણકાર અને સંશોધક હતા.

ઉત્તરાધ્યયન સૂત્રમાં 'इंगियाकारसंपन्ने' જેવાં વિશેષણો વપરાયાં છે તે આવા ઉત્તમ શિષ્યોને કેવાં આબાદ લાગુ પડે છે!

વિજયદાનસૂરિના જીવનનો એક અદ્ભુત પ્રસંગ છે, જે તેમના નામમાં કેવો પ્રભાવ હતો એનું દર્શન કરાવે છે :

એક જૈન બાળિકા એક દિવસ અકસ્માતે સમુદ્રમાં પડી ગઈ. તેણે પડતી વખતે શબ્દો ઉચ્ચાર્યા કે *મને ગુરુદેવ વિજયદાનસૂરિનું શરણ હોજો.* પલકવારમાં જ બાળિકા પાણી ઉપર તરી આવી. શાસનદેવે તે બાળિકાને આબાદ બચાવી લીધી.

# જૈન શાસનના નરબંકા શ્રાવકો : ઊડતી નજરે...

### સંપ્રતિ રાજાનાં ધર્મકાર્યો...

સમ્રાટ સંપ્રતિએ પોતાના જીવનકાળમાં ૨૬ હજાર નવાં જિનમંદિરો બંધાવ્યાં. સવા કરોડ જિનપ્રતિમાઓ ભરાવી. ૯૯ હજાર જૂનાં દેરાસરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. સાતસો દાનશાળાઓ ખોલી. એક હજાર ઉપાશ્રયોનું નિર્માણ કરાવ્યું. અનાર્ય પ્રદેશોમાં વંઠ લોકોને સાધુવેષમાં મોકલીને જૈનધર્મનો ફેલાવો કર્યો. લાખો શ્રાવકોને સંપત્તિમાન બનાવ્યા.

●●

### વિક્રમ રાજાએ કાઢેલા શત્રુંજયના સંઘની અજોડ વિશેષતા...

મહારાજા વિક્રમે કાઢેલા શત્રુંજયના યાત્રાસંઘમાં ૧૬૯ સોનાનાં દેરાસરો હતાં. ૫૦૦ હાથીદાંત અને ચંદનનાં દેરાસરો હતાં. સિદ્ધસેન દિવાકરસૂરિ વગેરે પાંચ હજાર આચાર્યાદિ મુનિઓ હતા. ૧૪ રાજાઓ તેમના સંઘમાં સામેલ થયા હતા. ૩૬૦૦ હાથીઓ તેમના સંઘમાં હતા.

●●

### મહારાજા કુમારપાળ અને તેનાં કાર્યોની આછેરી ઝલક...

ગુજરાત સહિત અઢાર દેશ ઉપર શાસન કરી જનારા પરમાર્હત કુમારપાળ મહારાજાએ પોતાની આજ્ઞા નીચેના સમગ્ર પ્રદેશોમાં અમારીનું પ્રવર્તન કરાવ્યું. પોતે બાર વ્રતો ધારણ કર્યાં. તારંગા, ઈડર વગેરે તીર્થોની સ્થાપના કરી. ૧૪૪૪ જિનમંદિરો બનાવ્યાં. સોળ હજાર દેરાસરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. સાધર્મિકોનું ૯૮ લાખ રૂપિયાનું દેવું માફ કરાવ્યું. બિનવારસી લોકોના ૭૨ લાખ રૂપિયા જતા કર્યા.

●●

### વસ્તુપાલ તેજપાલની અજોડ શાસનપ્રભાવના...

૧૩૦૦ નૂતન દેરાસરોનું નિર્માણ, ૩૨૦૨ દેરાસરોનો જીર્ણોદ્ધાર, એક લાખ પાંચ હજાર જિનમૂર્તિઓની સ્થાપના, ૯૮૪ પૌષધશાળાઓનું નિર્માણ, ૭૦૦ ધર્મશાળાઓ, શત્રુંજય, ગિરનાર, આબૂ વગેરે તીર્થોના સંઘો, દેલવાડાનાં સુપ્રસિદ્ધ દેરાસરોની સ્થાપના વગેરે કાર્યો કરનારા વસ્તુપાલ તેજપાલે જાહેર જનતા માટે પણ લાખો રૂપિયાનો વ્યય કર્યો હતો. આ માટે તેમણે નવસો કૂવા, ૪૦૦ પાણીની પરબો, ૮૪ તળાવો અને ૮૪ મસ્જિદો પણ બંધાવી આપી હતી.

●●

### પેથડશાહનાં ધર્મકૃત્યો...

૫૬ ધડી સોનાનો ચડાવો બોલીને ગિરનાર તીર્થ ઉપર ઈન્દ્રમાળા પરિધાન કરી. ૫૬ ધડી સોનાની બોલી બોલીને ગિરનાર તીર્થ શ્વેતામ્બરોને અપાવ્યું. સાત જ્ઞાનભંડારોની સ્થાપના કરી. ૨૧ ધડી સોનાનો ખર્ચ કરીને શત્રુંજય તીર્થ ઉપર જિનમંદિરનું નિમાર્ણ કરાવ્યું. ૮૪ નવાં જિનમંદિરો બંધાવ્યાં. પોતાના ગુરુ શ્રી ધર્મઘોષસૂરિના નગરપ્રવેશ વખતે ૭૨ હજાર રૂપિયાનો ખર્ચ કર્યો. પેથડશાહે ૩૨ વરસની જુવાન વયમાં જ આજીવન બ્રહ્મચર્યનો સ્વીકાર કર્યો.

●●

### નરવીર દાનવીર જગડૂશાહ

જગડૂશાહના ઉલ્લેખ વિના દાનવીરોનો ઈતિહાસ આલેખી શકાય નહીં. સં. ૧૩૧૩થી ૧૩૧૫ સુધીના મહા ભયંકર દુષ્કાળે હાહાકાર મચાવ્યો ત્યારે જગડૂશાહે પોતાની સમગ્ર સંપત્તિ તેમાં ખર્ચી નાખી અને અનાજના અભાવે કોઈ પણ મનુષ્યને કે પ્રાણીઓને મરવા ન દીધાં નહીં. એ ભયંકર દુષ્કાળમાં ચણાના બાવન દાણાની કિંમત એક રૂપિયાની થઈ ગઈ હતી! આવી કપરી સ્થિતિમાં જગડૂશાહે સમગ્ર જનતાનું જતન કર્યું. વિવિધ દેશોના રાજાઓને તેણે ૯ લાખ ૯૯ હજાર મૂંડા અનાજ પહોંચતું કર્યું. ૧૧૨ ભોજનશાળાઓ ખોલીને દુષ્કાળગ્રસ્ત લોકોને પેટ ભરીને જમાડ્યા! દરરોજના પાંચ લાખ લોકોને સળંગ ત્રણ વરસ સુધી જમાડ્યા!

અન્ય કાર્યો રૂપે તેણે શત્રુંજય તીર્થનો સંઘ કાઢ્યો. ૧૦૮ નવાં દેરાસરો બંધાવ્યાં. ભદ્રેશ્વરજી તીર્થનો પુનરુદ્ધાર કરાવ્યો. એ યુગમાં જગડૂશા યોગ્ય રીતે જ કુબેર ભંડારી તરીકે ઓળખાયા.

●●

### શેઠ માકુભાઈનો શત્રુંજય તીર્થનો સંઘ

અમદાવાદના શેઠ માકુભાઈએ શત્રુંજય તીર્થનો સંઘ કાઢ્યો તેને આ યુગનું એક અજોડ નજરાણું ગણવામાં આવે છે. તેમના સંઘમાં સાતસો સાધુ-સાધ્વીઓ અને બાર હજાર શ્રાવક-શ્રાવિકાઓ જોડાયાં હતાં. સંઘમાં શિખરબંધી ચાંદીનું દેરાસર, ચાંદીનો મેરુ પર્વત, ચાંદીનો ઈન્દ્રધ્વજ વગેરે ઉપરાંત અનેક આકર્ષણો હતાં જેને જોવા ગામેગામ હજારો લોકોનો ધસારો થતો હતો. સંવત ૧૯૯૧ના માગસર વદ ૧૦ના નીકળેલો આ સંઘ ગિરનાર તીર્થની યાત્રા કરીને મહા વદ બીજના શત્રુંજય તીર્થે પહોંચ્યો ત્યાં સુધીમાં શેઠ માકુભાઈને સાત લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો. વાચક મિત્રો, આ સાત લાખ રૂપિયા ૭૦ વરસ પહેલાંના છે. આજના હિસાબે કેટલી રકમ થાય તે જાતે જ ગણી લેવી!

# મહારાણા પ્રતાપનો એક ઐતિહાસિક પત્ર, જે જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરિને લખવામાં આવ્યો હતો

હિન્દુસ્તાનના નરવીર અને ટેકીલા મહારાણા પ્રતાપ વિષે ઈતિહાસનાં પુસ્તકોમાં ઘણું લખાયું છે. હિન્દુપત અને મોગલો સામે તેમની ટેક વિષેનો ઈતિહાસ એ ભારતીય ઈતિહાસનું ઊજળું પાસું છે.

પરમ શ્રાવક અને મહાન દાનવીર ભામાશાએ મહારાણા પ્રતાપને કરેલી સહાયની વાતોથી ભારતીય ઈતિહાસનાં પાનાં છલોછલ ભરેલાં છે.

અહીં બહુ ઓછો જાણીતો પરંતુ ઐતિહાસિક દૃષ્ટિએ અત્યંત મૂલ્યવાન ગણાય એવો એક પત્ર અમે પ્રકાશિત કરી રહ્યા છીએ. આ પત્ર મહારાણા પ્રતાપે જગદ્ગુરુ આચાર્ય હીરવિજયસૂરિ ઉપર લખ્યો છે. આ પત્ર સંવત ૧૬૩૫ના આસો સુદ ૫, ગુરુવારે લખાયેલો છે અને તેમાં ડગલે ને પગલે જગદ્ગુરુ ઉપર બહુમાન, ભક્તિ અને પ્રીતિનાં દર્શન થાય છે. આ પત્રમાં મહારાણાએ બાદશાહ અકબરને આપેલા બોધનો ઉલ્લેખ છે. સમ્રાટને જીવહિંસા છોડાવી તેની અનુમોદના, મેવાડમાં પધારવા માટે ભાવભીની વિનંતી, અગાઉ મેવાડમાં પધાર્યા હતા તેની યાદ ઉપરાંત અનેક બાબતો છે જે ઐતિહાસિક દૃષ્ટિએ ઊંચું મૂલ્ય ધરાવે છે.

આ પત્ર જગદ્ગુરુ મુસુંદમાં ચાતુર્માસ બિરાજમાન હતા તે સમયે લખાયો છે. આ સમયે રાણા પ્રતાપે રાજસ્થાનના ચામુંડેરી ગામમાં થાણું નાખ્યું હતું અને પત્ર પણ ત્યાંથી જ લખ્યો હતો.

તે સમયની ભાષાને જેમની તેમ રહેવા દઈને કોઈ પણ ફેરફાર વિના પત્ર સીધેસીધો અહીં આપવામાં આવે છે–

स्वस्ति श्रीमसुदुं महाशुभस्थाने सरव औपमा लाएक भट्टारक महाराजश्री हीरविजेसूरिजी चरणकमलायणे स्वस्त श्री वजेकटक चांवडेरा डेरा सुथाने महाराजाधिराज श्रीराणा प्रतापसिंघजी ली॰ पगे लागणो वचसी। अठारा समाचार भला हे। आपरा सदा भला छाईजे। आप बड़ा हे, पूजणीक हे। सदा करपा राखी, जीसुं ससह रखावेगा। अप्रं आपरो पत्र अणा दनाम्हें आयो नहीं, सो करपा कर लखावेगा। श्री बड़ा हजूररी वगत पदारवो हुवो जीमें अठासु पाछा पदारता पातसा अकब्रजीने जेनाबादम्हें गनानरो प्रतिबोध दीदो, जीरो चमत्कार मोटो बताया। जीवहसा, छरकली तथा नामपंषेरू वे तीसो माफ कराई जीरो मोटो उपकार कीदो, सो श्रीजैनरा ध्रममें आप असाहीज अदोतकारी अबार कीसे देखता आपजु फेर वे न्हीं आवी। पूरब हीदसथान अत्रवेद गुजरात सुदा चारु दसाम्हें धरमरो बड़ो अदोतकार देखाणो, जठा पछे आपरो पदारणो हुवो न्हीं, सो कारण कही वेगा पदारसी। आगेसुं पटाप्रवाना कारणरा दस्तूर माफक आप्रे हे जी माफक तोल मुरजाद सामो आवो सा बतरेगा, श्रीबड़ा हजूररी वषत आपरी मुरजाद सामो आबारी कसर पड़ी सुणी सो काम कारण लेखे भूल रही वेगा, जीरो अदेसो न्ही जाणेगा, आगेसुं श्रीहेमाआचारजीने श्रीराजने मान्या हे जीरो पटो कर देवाणो जि माफक अरो पगरा भटारष गादी प्र आवेगा तो पटा माफक मान्या जावेगा। श्रीहेमाचारजी पेलां श्रीबड़गछरा भटारषजीने बड़ा कारणसुं राजन्हे मान्या जि माफक आपने आपरा पगरा गादी प्रपाट हवी तपगछरा मान्या जावेगारी सुवाये देसम्हें आप्रे गछरो देवरो तथा उपासरो वेगा, जीरो मुरजाद श्रीराजसुं वा दूजा गच्छरा भटारष आवेगा सो राषेगा, श्रीसमरण ध्यान देवजातरा जठे आद करावसी, भूलसी नही ने वेगा पदारसी। प्रवानगी पंचोली गोरो। समत १६३५ रा आसोज सु॰ ५ गुरुवार।

સમગ્ર પત્રનો સારાંશ નીચે મુજબ છે :

*સ્વસ્તિ શ્રી મુસુંદુ મહાશુભસ્થાને [બિરાજમાન] સર્વ ઉપમાલાયક ભટ્ટારક મહારાજશ્રી હીરવિજયસૂરિજીનાં ચરણકમલોમાં લિખિતંગ ચામુંડેરીમાં થાણું નાખીને રહેલા મહારાજાધિરાજ રાણા પ્રતાપસિંઘના પાયલાગણ વાંચશો.*

*અહીંના સમાચાર સારા છે. આપનું હંમેશાં ભલું ઈચ્છીએ છીએ.*

*આપ મોટા છો, પૂજનીક છો. સદા કૃપા રાખતા હતા તેવી કૃપા રાખશો.*

*બીજું [લખવાનું કે] આ દિવસોમાં આપનો પત્ર આવ્યો નથી તો કૃપા કરીને લખાવશો.*

*શ્રી મોટા હજૂરની હાજરીમાં આપનું પધારવાનું થયું હતું. અહીંથી પાછા પધારતાં [આપે] બાદશાહ અકબરને જેનાબાદમાં જ્ઞાનનો પ્રતિબોધ આપ્યો, જેનો મોટો ચમત્કાર થયો. [આપે] જીવહિંસા [છોડાવી], ચકલાં, પંખીઓની [હિંસા બંધ કારવીને] ઘણો મોટો ઉપકાર કર્યો. જૈન ધર્મમાં આપ જેવા ઉદ્યોતકારી આ કાળમાં ફરી બીજા જોવા નહીં મળે.*

*પહેલાં હિન્દુસ્તાન અને ગુજરાતમાં ચારે દિશામાં ધર્મનો ઘણો ઉદ્યોત જોવા મળ્યો. એ પછી આપનું [આ તરફ] પધારવું થયું નથી, તો [અહીં નહીં પધારવાનું] કારણ જણાવીને વહેલામાં વહેલા [આ તરફ] પધારશો.*

*શ્રી મોટા હજૂર વખતે આપની માનમર્યાદા રાખવામાં આવતી હતી તેવી જ માનમર્યાદા [અમે પણ] રાખીશું. અમારાથી આપની સેવાચાકરીમાં [રાજકાજનાં કારણોસર કદાચ] કોઈ કસર રહી હોય તો મનમાં આણશો નહીં.*

*અગાઉના જમાનામાં શ્રી હેમચંદ્રાચાર્યજીને પણ રાજ્યે માન્યા છે. એમને જેવા પટ્ટાઓ આપવામાં આવ્યા હતા તેવા જ પટ્ટા આપને પણ આપવામાં આવશે. આપની ગાદી ઉપર જે ભટ્ટારકો આવશે તેમને પણ એ જ રીતે માનવામાં આવશે.*

*શ્રી હેમચંદ્રાચાર્યની પહેલાં પણ વડગચ્છના ભટ્ટારકજીને ઘણાં કારણોસર રાજ્યે માનપાન આપ્યાં છે તેની માફક આપને પણ આપવામાં આવશે. તપાગચ્છની ગાદી ઉપર આવેલા [બધા ગુરુઓને] માનવામાં આવશે. સમગ્ર દેશમાં આપના ગચ્છનાં દેરાસરો અને ઉપાશ્રયો બનાવવામાં આવશે અને બીજા ગચ્છના ભટ્ટારકો આવશે તે પણ [આપના ગચ્છની] માનમર્યાદા સાચવશે.*

*સ્મરણ, ધ્યાન અને દેવદર્શનાદિમાં અમોને યાદ કરશો. ભૂલશો નહીં અને જલદી [આ તરફ] પધારશો.*

*[મહારાણાના] હુકમથી ગોરા પંચોલીએ લખ્યું.*

*સંવત ૧૬૩૫ના આસો સુદ ૫, ગુરુવાર.*

**નોંધ :** આ ઐતિહાસિક પત્ર 'જૈન પરંપરાનો ઈતિહાસ' એ ગ્રંથમાંથી લેવામાં આવ્યો છે. ગ્રંથના લેખક : શ્રી જ્ઞાન-દર્શન-ન્યાયવિજયજી મહારાજ 'ત્રિપુટી'

••

# મહાન પ્રભાવકો
# જેમણે જૈન શાસનનું ગૌરવ વધાર્યું

## નરવીર દાનવીર ભામાશા

મહારાણા પ્રતાપના સહાયક બનીને પોતાની સમગ્ર સંપત્તિ દેશની રક્ષા માટે આપી દીધી હતી. મહારાણા પ્રતાપે પોતાની ગાદીએ આવનાર રાણાઓને રાજ્યાભિષેક વખતે તિલક કરવાનો હક્ક ભામાશાના વંશજોને આપ્યો હતો. મેવાડની ગાદી ઉપર આવનારા તમામ રાણાઓએ આ પરિપાટીનું પાલન કર્યું હતું.

શેઠ ભામાશાએ કેસરીયાજી તીર્થનો જીર્ણોદ્ધાર પણ કરાવ્યો હતો.

## મહારાણા જગતસિંહ

આચાર્ય વિજયદેવસૂરિના ઉપદેશથી મહારાણા જગતસિંહે નીચે મુજબનાં ફરમાન બહાર પાડ્યાં હતાં :

૧. ઉદયપુરના પીછોલા અને ઉદયસાગર તળાવમાંથી કોઈ પણ વ્યક્તિ માછલાં પકડી શકે નહીં.

૨. રાણાના રાજ્યાભિષેકના દિવસે જીવહિંસા સંપૂર્ણપણે બંધ રહેશે.

૩. રાણાના જન્મમાસમાં અને ભાદરવા માસમાં જીવહિંસા સંપૂર્ણપણે બંધ રહેશે.

૪. મચીંદના કિલ્લા ઉપર રાણા કુંભાએ બનાવેલા દેરાસરનો પુનરુદ્ધાર કરવો.

## શેઠ હેમચંદ

આહડ (મેવાડ) નિવાસી શેઠ હેમચંદે મહારાણા જગતસિંહના વખતમાં જૈન સિદ્ધાંતો લખાવ્યા હતા. આમાંના મોટા ભાગના સિદ્ધાંતો અત્યારે ખંભાતના શાંતિનાથ જૈન જ્ઞાનભંડારમાં સુરક્ષિત છે.

## સંગ્રામ સોની

માંડવગઢના સંગ્રામસિંહ સોનીએ પોતાના ગુરુ આ. સોમસુંદરસૂરિને પોતાના ગામમાં ચોમાસું કરાવ્યું ત્યારે ભગવતીસૂત્રનું વાંચન થયું હતું. આમાં જેટલીવાર 'ગોયમ' શબ્દ આવતો હતો એટલી વાર સંગ્રામ સોની એક સોનામહોર મૂકતા હતા, તેમનાં માતા અડધી સોનામહોર અને તેમનાં પત્ની પા સોનામહોર મૂકતા હતા. આમ કુલ ૬૩ હજાર સોનામહોરો તેમણે ભગવતીસૂત્રની ભક્તિરૂપે મૂકી હતી.

## દાનવીર દેદાશાહ
### જેઓ સોનાનો ઉપાશ્રય બનાવવા તૈયાર થઈ ગયા!

સુપ્રસિદ્ધ દાનવીર દેદાશાહનું મૂળ વતન નંદુરી હતું પરંતુ તે ત્યાંના રાજાની હેરાનગતીથી કંટાળીને ગુજરાતના વિજાપુરમાં આવીને વસ્યા હતા.

એકવાર દેદાશાહને કોઈ કામ પ્રસંગે દોલતાબાદ જવાનું થયું. ત્યાં તે ઉપાશ્રયમાં ગુરુવંદન કરવા ગયા. સંયોગવશ આ વખતે અહીં સ્થાનિક સંઘ એકત્ર થયો હતો અને દોલતાબાદમાં ઉપાશ્રય બનાવવાનો વિચાર ચાલતો હતો. એ વખતે દેદાશાહે પોતે પોતાના તરફથી ઉપાશ્રય બનાવી આપવાનો પ્રસ્તાવ મૂક્યો અને સંઘ પાસે તેની રજા માગી.

*'જો એક જ વ્યક્તિને ઉપાશ્રય બનાવવાનો આદેશ આપવાનો હોય તો આ સંઘમાં એવા ઘણા પુણ્યવાનો છે જે ઉપાશ્રય બનાવી આપે પરંતુ એમ કરવાથી તે શ્રાવક શય્યાતર થાય તેથી તેને હંમેશ માટે દાનનો અંતરાય પડે. આથી કોઈ એક વ્યક્તિને આ આદેશ નથી આપવાનો. વળી, બહારગામના કોઈ પુણ્યવાનને પણ આ આદેશ આપવાનો નથી.'* સંઘે ના પાડતાં દેદાશાહ ખૂબ નિરાશ થયા. પરંતુ તેમની ભાવના પાકી હતી તેથી તેમણે શ્રી સંઘને એ આદેશ પોતાને જ મળે એ માટે વારંવાર વિનંતી કરવાનું ચાલુ જ રાખ્યું. એટલામાં એક ભાઈને મશ્કરી કરવાનું સૂઝ્યું : *'જુઓ શેઠ, જો તમે આખો ઉપાશ્રય સોનાની ઈંટોનો બનાવી આપતા હો તો અમે તમને રજા આપીએ.'*

*'કબૂલ છે. જો મને આદેશ મળતો હોય તો હું સોનાની ઈંટોથી ઉપાશ્રય બંધાવી આપવા તૈયાર છું.'* દેદાશાહે સહજભાવે કહી દીધું. પણ સોનાનો ઉપાશ્રય હોય તો તે તત્કાલ ચોરોના ઉપદ્રવથી લૂંટાઈ જાય અને વગર કારણની ઉપાધિ થાય. આથી શ્રી સંઘે અને આચાર્ય ભગવંતે ના કહી, પરંતુ દેદાશાહની ઉત્કટ ભાવના જોતાં ઉપાશ્રય બનાવી આપવાનો આદેશ તો તેમને જ મળ્યો.

એ પછી સોના જેટલા મૂલ્યનું કેસર ઘૂંટીને ચૂનામાં નાખવામાં આવ્યું અને એ ચૂનાથી ઉપાશ્રયનું નિર્માણ થયું. આ દાનવીર દેદાશાહની અજોડ કથા ઇતિહાસમાં સોનેરી અક્ષરોથી આલેખાઈ છે.

## શેઠ વજિયા-રાજિયા

સં. ૧૬૬૧માં ગુજરાતમાં ભયંકર દુષ્કાળ પડ્યો ત્યારે શેઠ વજિયા-રાજિયાએ ચાર હજાર મણ અનાજ આપીને સેંકડો કુટુંબોને મોતના મુખમાંથી ઉગારી લીધાં હતાં.

## મંત્રી જસવીર પોરવાડ

શ્રીમાલનગરના રાજાનો મંત્રી જસવીર પોરવાડ હતો. તેણે આચાર્ય શ્રીનેમિસૂરિના ઉપદેશથી બોધ પામીને જૈનધર્મ અપનાવ્યો. એક વાર તેણે આખા ગામને જમાડ્યું. આ વખતે તેણે પીરસેલી છાશમાં ૭૨ મણ જીરૂં વાપર્યું હતું! તો બાકીની વસ્તુઓ કેટલી વપરાઈ હશે!

## સિદ્ધરાજની ઉદારતા

માળવા નિવાસી સંઘવી જાવડશાહે ગિરનાર તીર્થમાં જૂના કાષ્ઠના દેરાસરનો જીર્ણોદ્ધાર ચાલુ કરાવ્યો પરંતુ તે કાર્ય પૂર્ણ થાય તે પહેલાં જ અચાનક તેનું મૃત્યુ થયું. પછીથી આ દેરાસરનું કાર્ય સૌરાષ્ટ્રના દંડનાયક સજ્જનશાહે પૂરું કરાવ્યું અને ૨૭ લાખનો ખર્ચ કર્યો. આ બધી રકમ રાજ્યની હતી.

ગુજરાતના રાજા સિદ્ધરાજ જયસિંહે આ ભવ્ય જિનપ્રાસાદ પોતાની નજરે જોઈને ત્રણ વરસની રાજ્યની આવકના તમામ ૨૭ લાખ રૂપિયા જતા કર્યા! ઉપરાંત આ દેરાસરના નિભાવ માટે પોતાના તરફથી બીજાં ૧૨ ગામો ભેટ આપી દીધાં!

ઉપર જે જાવડશાનો ઉલ્લેખ છે તે શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કરાવનાર જાવડશા કરતાં અલગ સમજવા.

### જત જણાવવાનું કે...

આ અંકમાં માત્ર જૈનશાસનના ગૌરવને પ્રદર્શિત કરનારી સામગ્રી જ લીધેલ હોવાથી દુરાચારી સાધુવેષધારીઓના સેક્સકાંડ વિષે 'ઇન્ટરવલ' રાખવામાં આવ્યો છે. ગૌરવની સાથે તો કલંકરૂપ બનાવો ન જ શોભે ને!

# ભક્તિભરી મસ્તીના રંગીલા કવિ : ઉદયરત્ન વાચક

ગુજરાતી કાવ્ય સાહિત્યના રંગીલા મસ્ત કવિ શ્રી ઉદયરત્નવાચક એટલે ૧૮મી સદીના એક ઋજુદિલ સાધુપુરુષ અને સરળદિલ ભક્તકવિ.

આજે જૈનસંઘમાં એ કોણ હશે જે પોતાના પ્રારંભિક અભ્યાસકાળમાં–

*રાતાં જેવાં ફૂલડાં ને શામળ જેવો રંગ,*
*આજ તારી આંગીનો કંઈ રૂડો બન્યો છે રંગ,*
*પ્યારા પાસજી હો લાલ, દીનદયાળ મુજને નયને નિહાળ'*

જેવાં સ્તવન નહીં શીખ્યો હોય. આ સ્તવનના ઉદ્‌ગાતા એટલે ઉદયરત્નવાચક.

*કડવાં ફળ છે ક્રોધનાં જ્ઞાની એમ બોલે,*
*રીસ તણો રસ જાણીએ હળાહળ તોલે...*

આવી બોધદાયક કણિકાઓ એટલે ઉદયરત્નવાચકની સુમધુર કાવ્યપ્રસાદી. કોઈ જ આડંબર વગરનાં કાવ્યો એ એમની ખાસ વિશેષતા. ઉત્તમ કક્ષાના સમર્થ વિદ્વાન હોવા છતાં વિદ્વત્તા દેખાડ્યા વિનાની રચનાઓ કરવી એ જેવી તેવી સિદ્ધિ નથી. પંડિત હોય તે પાંડિત્યનું પ્રદર્શન કર્યા વિના ભાગ્યે જ રહી શકે. ઉદયરત્નવાચકની કોઈ પણ રચના જુઓ, એમાં ભારોભાર સરળતા નીતરતી દેખાશે. અને એમ છતાં એમની તમામ રચનાઓ કોઈ મહાપંડિતે કરેલી રચનાઓ કરતાં જરાયે ઊતરતી નહીં હોય.

ભગવાન પાર્શ્વનાથનું આ સ્તવન જુઓ :

*ચાલ ચાલ રે કુંવર ચાલ, તારી ચાલ ગમે રે.*
*તુજ દીઠડા વિના મીઠડા મારા પ્રાણ ભમે રે.*
*ખોળામાંહી પડતું મૂકે, રીસે દમે રે.*
*માવડી વિના આવડ ખૂંદ્યું કોણ ખમે રે.*

અહંકારને ટાળવાના ઉપદેશરૂપે એમણે જે ગાયું તે કેટલું બધું સચોટ છે :

*સૂકાં લાકડાં સારીખો, દુખદાયી એ ખોટો,*
*ઉદયરતન કહે માનને દેજો દેશવટો રે.*
*રે જીવ માન ન કીજીએ...*

મૌન અગિયારસની એક સજ્ઝાયમાં તેમનું આ નિરીક્ષણ જુઓ :

*એક ઉઠંતી આળસ મરડે, બીજી ઊંઘે બેઠી,*
*નદીઓમાંથી કાંઈક નીસરતી, જઈ દરિયામાં પેઠી.*
*આજ મારે એકાદશી રે નણદલ મૌન ધરી મુખ રહીએ...*

મોઢે મીઠું બોલે અને મનમાં જુઠ્ઠાણાં ભર્યાં હોય, મોઢે તો હા-જી-હા કરે અને મનમાં 'ચોટ'નો લાગ શોધતો હોય એવા માયાવી અને કપટી લોકોને કેવી ઝીણવટથી એમણે જોયા હશે અને એવા લોકોનો કેવો અનુભવ કર્યો હશે તેની સરળ પણ સાર્થક રજુઆત એમણે માયાની સજ્ઝાયમાં કરી છે અને 'મા' જેવા મમતામય શબ્દોમાં માયાથી દૂર રહેવા બોધ આપ્યો છે :

*મુખ મીઠો જૂઠો મને જી, કૂડકપટનો રે કોટ,*
*જીભે તો જી જી કરે જી, ચિત્તમાં તાકે ચોટ રે.*
*પ્રાણી, મ કરીશ માયા લગાર...*

એમનું હૈયું એટલે ભારોભાર વૈરાગ્યની રસઝરતી ખાણ. આખી જિંદગી આ મારાં વહાલાં ને પેલાં મારાં વહાલાં કરે રાખનારા લોકોને ચોટદાર શિખામણ આપતાં કેવી સરસ વાત કરે છે : વહાલાં વહાલાં શું કરો છો? આ તમારા વહાલાંઓ જ તમને એક દિવસ મસાણમાં મૂકી આવશે અને છેવટે તો તમારી સાથે બળી જનારાં લાકડાં જ તમારાં વહાલાં બનશે :

*વહાલાં તે વહાલાં શું કરો, વહાલાં વોળાવી મળશે,*
*વહાલાં તે વન કેરાં લાકડાં, તે તો સાથે જ બળશે.*
*એક રે દિવસ એવો આવશે...*

'લોભે લક્ખણ જાય' એવી કહેવત ગુજરાતીમાં છે. લોભી માણસની કેવી ગતિ થાય? ચમડી છૂટે પણ દમડી ન છૂટેની મનોવૃત્તિવાળા લોભીએ આખી જિંદગી જે ધનની રક્ષા કરી હોય તે જ ધન ઉપર તે મરીને મણિધર સાપ થાય!

*તે તો દામ તણા લોભે કરી,*
*ઉપર મણિધર થાએ મરી!*
*તમે લક્ષણ જોજો લોભનાં રે...*

ક્રોધ, માન, માયા અને લોભની તેમની સજ્ઝાયોએ તો જાણે અનિવાર્ય એવો પ્રારંભિક પાઠ્યક્રમ હોય એવો સિક્કો જમાવ્યો છે. જૈનધર્મના શરૂઆતના અભ્યાસમાં આ સજ્ઝાયો ન શીખ્યો હોય તેવો વિદ્યાર્થી જૈન સમાજમાં મળવો મુશ્કેલ છે. ક્રોધની સજ્ઝાયમાં ક્રોધીને પોતાને થતાં નુકસાન અને તેના કારણે બીજાંને થતાં નુકસાન બાબતે તેઓ આગનો સચોટ દાખલો કેવી ખૂબીથી આપે છે :

*આગ ઉઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાળે,*
*જળનો જોગ જો નવિ મળે, તો પાસેનું પરજાળે.*
*કડવાં ફળ છે ક્રોધનાં...*

સીતાજીની સજ્ઝાયમાં તેમણે રાવણને બોધ આપવા માટે સીતાજીના મુખમાં કેવા શબ્દો મૂક્યા છે તે જુઓ :

**સ્તવનના શબ્દો આગળ વધે તે પહેલાં જ આકાશમાં એક જોરદાર વીજકડાકો થયો અને શંખેશ્વર પાર્શ્વનાથના દરવાજા એક કડાકા સાથે ખુલી ગયા**

જય જિનેન્દ્ર 1ST ANNIVERSARY

*પરદારાનો સંગ કરીને આખર કોણ ઉગરિયો,*
*ઊંડું તો તું જો ને આલોચી સહી તુજ દાડો ફરિયો.*
*અડશો મા જો...*

ઉદયરત્નવાચકના જીવન સાથે સંકળાયેલી એક ચમત્કાર સંબંધિત કથા જૈનસંઘમાં ખૂબ જાણીતી છે-

વિ. સં. ૧૭૫૦માં તેમની નિશ્રામાં ખેડાથી શંખેશ્વરનો સંઘ નીકળ્યો હતો. આ વખતે વાચક ઉદયરત્નજીએ એક પ્રતિજ્ઞા કરી હતી કે શંખેશ્વરતીર્થમાં પહોંચ્યા પછી તેમનાં દર્શન કરીને પછી જ અન્નજળ વાપરવાં, ત્યાં સુધી નહીં.

સંઘ શંખેશ્વર પહોંચ્યો ત્યારે દેરાસર 'માંગલિક' થઈ ગયું હતું. (દેરાસર માંગલિક થવું એટલે બંધ થઈ જવું.) યાત્રિકોએ પૂજારીને વિનંતી કરી કે પૂજ્ય ગુરુ મહારાજને અભિગ્રહ છે કે તેઓ ભગવાનનાં દર્શન કરશે પછી જ ગોચરી વાપરશે, માટે દરવાજા ખોલો. પૂજારીએ ધરાર ના પાડી! (પૂજારી દરેક યુગમાં સરખા!!) ઉદયરત્નવાચકને આટલા બધા દિવસના ઉપવાસ છતાં પૂજારીના મન ઉપર એની કોઈ અસર ન થઈ. ઉદયરત્નવાચક તો ભક્તિરસની મસ્તીના કવિ. એમને દર્શનમાં રસ હોય એટલો રસ ગોચરીમાં ન હોય. પણ ભક્તો શાના માને! છેવટે હાલ તુરત તો બહારથી જ ભગવાનનું ચૈત્યવંદન કરી લેવું એવું નક્કી થયું. ચૈત્યવંદન વખતે ઉદયરત્નવાચકની આંખોમાં આંસુ આવી ગયાં. *હે ભગવાન, મારો એવો તો કેવો ગુનો કે તમે મને દર્શનથી પણ વંચિત રાખો?*

ભક્તિના રંગમાં ઉદયરત્નવાચકે પ્રાર્થના કરી :

*પાસ શંખેસરા, સાર કર સેવકાં, દેવ કાં એવડી વાર લાગે...*

શીઘ્રકવિ એવા ઉદયરત્નવાચકના મુખમાંથી શબ્દો સરતા ગયા અને ભક્તજનો ભક્તિરસમાં ડૂબતા ગયા.

*પ્રગટ થા પાસજી મેલી પડદો પરો...*

સ્તવનના શબ્દો આગળ વધે તે પહેલાં જ આકાશમાં એક જોરદાર વીજકડાકો થયો અને શંખેશ્વર પાર્શ્વનાથના દરવાજા એક કડાકા સાથે ખુલી ગયા. હવે આવો ચમત્કાર જેણે નજરે જોયો હોય તે ઉદયરત્નવાચકનો અનન્ય ભક્ત બની ગયા વિના રહે ખરો? ભક્તકવિ અને શ્રી સંઘે 'ધરાઈને' પાર્શ્વનાથનાં દર્શન કર્યાં.

આ તો જાણીતા ચમત્કારની વાત થઈ. એક અજાણ્યો ચમત્કાર પણ એમના નામે બોલે છે તે અંગે જૈન સમાજને ભાગ્યે જ ખ્યાલ હશે :

ખેડાની પાસે વાત્રક, મેશવો અને ખારી એ ત્રણ નદીઓનો સંગમ થાય છે. આ સ્થાને ઉદયરત્નવાચકે ચાર મહિના સુધી ધ્યાન ધર્યું હતું. તેમના ધ્યાનના પ્રભાવથી આ સ્થાન ટાપુમાં ફેરવાઈ ગયું હતું. અત્યારે ખેડામાં જે ભાવસાર જૈનો છે તે બધાના પૂર્વજો શ્રી ઉદયરત્નવાચકના પ્રભાવથી જૈન બનેલા છે.

ઉદયરત્નવાચક એકવાર ઊનાનાં ચાતુર્માસ હતા ત્યારે તેમણે સ્થૂલભદ્રના રાસની રચના કરી. આમાં નવે રસોનું વર્ણન હતું. અલબત્ત, આ વર્ણનમાં સાધુજીવનની બધી જ મર્યાદાઓ સચવાતી હતી, તેમ છતાં તેમાં આવતો મર્યાદિત શૃંગારરસ પણ ભટ્ટારકને યોગ્ય ન લાગતાં તેમણે ઉદયરત્નજીને બોલાવીને કહ્યું :

'આપણે સાધુઓ છીએ. આપણે એવું લખવું અને બોલવું જોઈએ કે જેનાથી લોકો સદાચાર અને નીતિના માર્ગે વળે. આપણા લખાણ કે વ્યાખ્યાનથી અથવા આપણાં કાવ્યોથી કોઈ તેનો ગેરલાભ ન ઉઠાવે તે પણ જોવું જોઈએ. તમે તો સરસ્વતીપુત્ર છો. તમારી કાવ્યશક્તિનો એવો ઉપયોગ કરો કે એનાથી લોકો વૈરાગ્યવાસિત બને.'

ઉપાધ્યાય ઉદયરત્નજીએ એ જ દિવસથી કાવ્યની દિશા બદલી નાખી અને લોકો ઉપર ઉપકાર કરે તેવાં કાવ્યો બનાવવાનું ચાલુ કરી દીધું.

વિક્રમની અઢારમી સદીના મહાન વિદ્વાન ઉપાધ્યાય ઉદયરત્નવાચકે પાર ન પમાય એટલું કાવ્યસાહિત્ય રચ્યું છે, જેમાં રાસાઓ, પ્રભાતિયાં, સ્તવનો, સ્તવનચોવીસીઓ, સજ્ઝાયો, છંદો વગેરેનો સમાવેશ થાય છે. તેમણે લગભગ બધાં જ પ્રખ્યાત તીર્થનાં સ્તવનોની રચના કરી છે. તેમનાં સ્તવનો આજે પણ ગવાય છે ત્યારે વાતાવરણ ભક્તિમય અને ભાવવાહી બની જાય છે.

## પૂજ્યશ્રીના સમાચાર

પૂજ્ય ગુરુદેવ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ આંબાવાડીથી વિહાર કરી વેજલપુર પધાર્યા છે. તેઓશ્રી હાલ **બ્લૉક નંબર એફ ૯, શ્રીનંદ નગર વિભાગ ચાર, વેજલપુર, અમદાવાદ ૩૮૦ ૦૫૧** એ સ્થળે સ્થિરતા કરશે.

પૂજ્યશ્રીની નિશ્રામાં ચૈત્ર સુદ ૧૦ અને ચૈત્ર સુદ ૧૧ તા. ૧૨-૧૩ એપ્રિલ, ૨૦૦૩ના શુભ દિવસે નવગ્રહ પૂજન, દશ દિક્પાલ પૂજન તથા શાંતિસ્નાત્રનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ગુરુભક્તોને તથા જય જિનેન્દ્ર પરિવારના સર્વ સભ્યોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે. નીચે મુજબનો કાર્યક્રમ ધ્યાનમાં લઈ લેશો :

કુંભસ્થાપના, દીપસ્થાપના, જવારારોપણ, નવગ્રહપૂજન અને દશ દિક્પાલ પૂજન : તા. ૧૨-૪-૨૦૦૩ સવારે ૯.૦૦ વાગે.

શાન્તિસ્નાત્ર : તા. ૧૩-૪-૨૦૦૩ સવારે ૯.૦૦ વાગે.


જય જિનેન્દ્રનું લવાજમ ક્યાં ક્યાં ભરી શકાય?

**શ્રી જિગર જે. શાહ**

મેઉવાલા બિલ્ડિંગ, બેન્ક ઓફ ઇન્ડિયા સામે, રામનગર, સાબરમતી, અમદાવાદ ૩૮૦ ૦૦૫

**શ્રી ચંપકલાલ એ. શાહ**

૧૬૭૭/૨ કાળુપુર ટંકશાળ, ઢીંકવા ચોકી પાસે, હાજા પટેલની પોળ સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧

**શ્રી હિંમતલાલ મણિલાલ વોરા**

૧૭, અનંતનિવાસ વિભાગ ૩, ગોગ્રાસવાડી ગેટ પાસે, ડોમ્બીવલી (ઇસ્ટ) ૪૨૧ ૨૦૧

**વાર્ષિક લવાજમ ૧૦૦ રૂપિયા ● પાંચ વરસનું લવાજમ ૫૦૦ રૂપિયા**

**પાંચ વરસનું લવાજમ ભરો અને ભગવતી પદ્માવતીનો એકસો આઠ ફણાનો રંગીન ફોટો મેળવો.**

# સાધ્વી શ્રી વિસ્તીર્ણાજી પીએચ. ડી. થયાં

પૂજનીય સાધ્વી શ્રી જિતપૂર્ણા મહાસતીજીના નામથી જય જિનેન્દ્રના વાચકો પરિચિત છે. હમણાં જ તેમનાં લઘુ ભગિની પૂજનીય સાધ્વી શ્રી વિસ્તીર્ણાજીએ ડૉક્ટરેટ કર્યું.

સ્થાનકવાસી જૈન સંઘમાં વિવિધ વિષયો ઉપર અભ્યાસ કરીને ડૉક્ટરેટ કરનારાં સાધુ-સાધ્વીઓ ઘણી મોટી સંખ્યામાં છે. ખાસ કરીને શ્રમણસંઘીય સાધુ-સાધ્વીઓ આ મામલે ખૂબ આગળ છે. ગુજરાત અને સૌરાષ્ટ્ર તરફના સંપ્રદાયોનાં સાધ્વીજીઓએ પણ આ ક્ષેત્રમાં પદાર્પણ કરીને સારી સફળતા મેળવી છે. ભારતની વિવિધ યુનિવર્સિટીઓમાંથી ડૉક્ટરેટ મેળવનાર સાધુ-સાધ્વીઓ ઘણી મોટી સંખ્યામાં છે, પરંતુ ગુજરાત યુનિવર્સિટીમાંથી કોઈ સાધુ-સાધ્વીજીએ ડૉક્ટરેટ કર્યાનું હજી સુધી કાને પડ્યું નહોતું.

પૂજનીય સાધ્વી શ્રી વિસ્તીર્ણાજીએ આ મહેણું ભાંગ્યું છે. હમણાં જ 'નવતત્ત્વ પ્રકરણ બાલાવબોધ' ઉપર આધારિત તેમના મહાનિબંધને ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખીને તેમને ડૉક્ટરની પદવીથી નવાજ્યાં છે. આ મહાનિબંધ પૂજ્ય મહાસતીજીએ ડૉ. કુમારપાળ દેસાઈના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો.



કંઈક કરી છૂટવાની ધગશ ફળી

સૌરાષ્ટ્રના લીંબડી ખાતે જન્મેલાં ડૉ. સાધ્વી શ્રી વિસ્તીર્ણાજીએ પ્રારંભિક અધ્યયન પણ લીંબડીમાં જ કર્યું. પૂજનીય તપસ્વીરત્ન શ્રી શામજી સ્વામીના પરિવારમાં પૂજનીય સાધ્વીરત્ન શ્રી વેલબાઈ મહાસતીજીના સંઘાડામાં દીક્ષા લેનારાં સાધ્વીજી વિસ્તીર્ણાજી પહેલાંથી જ વિદ્યાનો વ્યાસંગ ધરાવે છે. મહારાષ્ટ્રના અહમદનગર પાથર્ડી બોર્ડ તરફથી લેવાતી ધાર્મિક પરીક્ષામાં ઉત્તીર્ણ થઈને તેઓ 'સિદ્ધાંત આચાર્ય' બન્યાં. સાહિત્ય અને ભાષાના રસાસ્વાદને માણવા તેઓશ્રીએ એસ. એન. ડી. ટી.માંથી બી.એ. અને એમ. એ. પણ કર્યું. વર્ધાની રાષ્ટ્રભાષા પ્રસાર સમિતિ દ્વારા લેવાતી પરીક્ષા પસાર કરીને તેઓ 'સાહિત્યકોવિદ' પણ બન્યાં. હવે ગુજરાત યુનિવર્સિટીમાંથી ડૉક્ટરેટ કરવાથી તેમના યશસ્વી વિદ્યાભ્યાસમાં એક ઓર છોગું ઉમેરાયું છે અને ગુજરાત યુનિવર્સિટીમાંથી પીએચ. ડી. કરનાર તેઓશ્રી પ્રથમ જૈન સાધ્વી બન્યાં છે.

અભ્યાસની ઉચ્ચ કારકીર્દી દરમ્યાન પૂજ્ય સાધ્વીશ્રી એસ. વાય. બી. એ.માં ચંદ્રક પણ મેળવી ચૂક્યાં છે. જય જિનેન્દ્ર પરિવાર પૂજ્ય સાધ્વીશ્રીને અભિનંદન પાઠવવા સાથે તેમના ઉજ્જ્વળ ભવિષ્યની કામના કરે છે અને ભગવાન મહાવીરના સંદેશને આજની ભાષામાં લોકો સુધી પહોંચાડવાનું કાર્ય કરીને પોતાના 'વિસ્તીર્ણ' જ્ઞાનનો લાભ તેઓશ્રી સમાજને આપીને પોતાના નામને સાર્થક કરે એવી આશા વ્યક્ત કરે છે.

### સાધ્વી શ્રી વિસ્તીર્ણાજીના

## નવતત્ત્વ ઉપરના થિસિસમાં શું શું છે?

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ આ નવ તત્ત્વોની જૈન દર્શનમાં વ્યાપક પ્રસિદ્ધિ છે.

વિવિધ ગ્રંથકારો વિવિધ અપેક્ષાઓથી નિરૂપણ કરે ત્યારે વિવિધ સંખ્યામાં તત્ત્વોની ચર્ચા કરે છે. પુણ્ય અને પાપનો સમાવેશ આશ્રવ તત્ત્વમાં થઈ જતો હોવાથી વાચકવર્ય ઉમાસ્વાતિએ તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં સાત તત્ત્વોની ચર્ચા કરી છે. અન્ય ગ્રંથોમાં પણ આ રીતે એકબીજામાં અંતર્ભાવ કરીને તત્ત્વોનું નિરૂપણ થયું છે. છેવટે તો જીવ અને અજીવ એ બે તત્ત્વોમાં જ સમગ્ર જગતનો સમાવેશ થઈ જાય છે.

ઉપર જણાવેલ નવ તત્ત્વોની સમજૂતી માટે ઘણું જ સાહિત્ય જૈન ભંડારોમાં ઉપલબ્ધ છે. સેંકડો ગ્રંથોમાં નવ તત્ત્વોની વિશદ ચર્ચા મળી આવે છે. વિવરણ, ભાષ્ય, ટીકા વગેરે રૂપે વિપુલ ગદ્ય સાહિત્ય નવ તત્ત્વોની સમજણ માટે રચાયું છે. તે ઉપરાંત રાસ, ચોપાઈ, સ્તવન વગેરે રૂપે પદ્યાત્મક સાહિત્ય પણ બહોળા પ્રમાણમાં ઉપલબ્ધ છે. મધ્યકાળમાં બાલાવબોધ લખવાની પ્રથાનો પણ ખૂબ વિકાસ થયો હતો. અહીં આ થિસિસ માટે શ્રી હર્ષવર્ધન ગણિએ રચેલ બાલાવબોધને કેન્દ્રમાં રાખવામાં આવ્યો છે. શ્રી હર્ષવર્ધન ગણિ મધ્યયુગના મહાન તત્ત્વવિશારદ હતા અને સમર્થ સાહિત્યકાર શ્રી સોમસુંદરસૂરિના શિષ્ય હતા. તેમના બાલાવબોધમાં નવે તત્ત્વની વિશદ છણાવટ, દરેકની વ્યુત્પત્તિઓ, લક્ષણો, ઉદાહરણો વગેરે વિવિધ કોષ્ઠકોની મદદથી સમજાવ્યા છે.

મહાનિબંધમાં જીવ તત્ત્વના પ્રસંગમાં જીવની સિદ્ધિ, જીવના ભેદો, જીવની વિશિષ્ટ શક્તિઓ, તેનો ક્રમશઃ વિકાસ, ચૌદ ગુણસ્થાનકો, જીવના ભેદ પ્રભેદો વગેરે બાબતોને વિસ્તૃત ફલક ઉપર આવરી લેવામાં આવી છે. આ જ રીતે અજીવાદિ તત્ત્વોની વિશદ ચર્ચા પણ કરવામાં આવી છે.

નવ તત્ત્વો ઉપરાંત બાલાવબોધમાં વપરાયેલી ગુજરાતી ભાષાની વિવિધ લાક્ષણિકતાઓ, તત્કાલીન ગુજરાતીના આંતરિક પ્રવાહો વગેરે ભાષાકીય અને વ્યાકરણ સંબંધી ચર્ચાઓ દ્વારા બાલાવબોધકારના સમયમાં વપરાતી ગુજરાતી ભાષા અંગે ઉપયોગી ચિંતન કરવામાં આવ્યું છે. સાથોસાથ ગ્રંથકારે પ્રયોજેલા સંસ્કૃત ભાષાના પ્રયોગો પરત્વે પણ ચિંતનને વિસ્તારવામાં આવ્યું છે.

ત્રણ વિશિષ્ટ પરિશિષ્ટો દ્વારા મહાનિબંધને વધુ સમૃદ્ધ બનાવવામાં આવ્યો છે. આ પરિશિષ્ટોમાં પારિભાષિક શબ્દો, વિશિષ્ટ શબ્દો, બાલાવબોધમાં આવતા શબ્દો, સંખ્યાદર્શક શબ્દો, ઉદ્ધરણો, ગાથાઓનો અકારાનુક્રમ અને નવતત્ત્વ વિષયક સાહિત્યની સૂચિ જેવા વિવિધ વિષયોને આવરી લેવામાં આવ્યા છે.

## આપનો પત્ર મળ્યો

અનુસંધાન સોળમા પાનાથી ચાલુ

જય જિનેન્દ્ર આ અંકથી બીજા વરસમાં પ્રવેશી રહ્યું છે તે એક આનંદની બીના છે. આપની સ્પષ્ટ રજુઆતો અને પાયાના પ્રશ્નોને વાચા આપવાની આપની ધગશના કારણે આ સામયિક એક આગવી જ ભાત પાડી રહ્યું છે. ભવિષ્યમાં પણ આ જ રીતે એ આગળ વધતું રહે તેવી કામના વ્યક્ત કરું છું.

**અશોક ચંપકલાલ** *(વાસણા, અમદાવાદ)*

જય જિનેન્દ્રને તેના જન્મદિને હાર્દિક વધાઈ. સમાજના પ્રશ્નોની નિર્ભીકતાથી ચર્ચા કરતું આ માસિક ઉત્તરોત્તર વધુને વધુ પ્રગતિ સાધે તેવી શુભેચ્છા પાઠવું છું.

**દેવેન્દ્ર કે. શાહ** *(બોરીબંદર, મુંબઈ)*

જય જિનેન્દ્ર શરૂ થયા પછી જૈનોમાં પાયાના પ્રશ્નો અંગે સભાનતા અને સજાગતા આવશે એવી આશા બંધાઈ છે. પાછલા એક વરસનું સરવૈયું જોતાં એમ લાગે છે કે જય જિનેન્દ્રને પોતાના મિશનમાં જરૂર સફળતા મળશે.

**પ્રો. એ. કે. શાહ** *(નવી દિલ્લી)*

જય જિનેન્દ્રને તેના જન્મદિને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. માસિકનાં પાનાં વધારીને તેને વધારે વિસ્તૃત કરવાની જરૂર છે. આગામી વર્ષમાં આ બાબતને ધ્યાન ઉપર લેવા વિનંતી છે.

**આશાબેન શાહ** *(સોલા, અમદાવાદ)*

જય જિનેન્દ્રના તંત્રીમંડળે થોડા જ સમયમાં ઘણી સિદ્ધિઓ મેળવી છે. સમાજના પ્રશ્નોને વાચા આપતું માસિક એકધારું ચાલુ રાખવું તે જૈન સમાજમાં ખૂબ દુષ્કર કાર્ય છે. આ કાર્યમાં શાસનદેવ આપને સહાય કરે તેવી ભાવના વ્યક્ત કરું છું.

**રાજેન્દ્રસિંહ ભાણાવત** *(જોધપુર)*

જૈનો ધાર્મિક લઘુમતી છે કે નહીં તે અંગે જય જિનેન્દ્ર દ્વારા કરાયેલી જાહેર ચર્ચામાં ભાગ લીધા પછી આજે પહેલી વાર જ પત્ર લખું છું. આટલા સમયમાં જય જિનેન્દ્રે ઘણું કાઠું કાઢ્યું છે એ હકીકત છે. પોતાના નવા વર્ષમાં જય જિનેન્દ્ર ખૂબ આગળ વધે એ જ કામના.

**પંકજભાઈ વસા** *(વડોદરા)*

બીજા વર્ષના પ્રારંભે જય જિનેન્દ્રને હાર્દિક વધાઈ. જય જિનેન્દ્ર નિરંતર ફૂલી ફાલીને નિર્ભયપણે જૈનશાસનની સેવા બજાવે એજ શુભેચ્છા.

**હેમંતલાલ મણિલાલ** *(સૂરત)*

એક જ વરસમાં જય જિનેન્દ્રે જૈન સમાજમાં પોતાનું એક આગવું સ્થાન બનાવી લીધું છે. આ માસિક પત્રની ઉત્તરોત્તર પ્રગતિ થતી રહે એવી શુભકામના.

**પૂર્વી પંકજભાઈ શેઠ** *(પાર્લા, મુંબઈ)*

જય જિનેન્દ્રની એક વર્ષની યાત્રા જોતાં એમ લાગે છે કે જાણે તે કેટલાંયે વર્ષોથી પ્રકાશિત થતું હોય. સમાજના પ્રશ્નોમાં અંગત રસ લઈને જય જિનેન્દ્રે પોતાની એક અલગ જ ઓળખ ઊભી કરી છે.

**પરમાણંદ વોરા** *(વડાલા, મુંબઈ)*

છેલ્લા બે અંકથી જય જિનેન્દ્રમાં ભ્રષ્ટ સાધુઓને ખુલ્લેઆમ ચેતવણી આપો છો અને છતાં જૈન સમાજ જો કંઈ જ નથી કરતો તો નક્કી થાય છે કે આપણે હવે જૈન તરીકે ઓળખાવાને લાયક રહ્યા નથી. તે સાધુઓના વડીલો ઉપરથી શ્રદ્ધા ઊઠી જાય તે પહેલાં સમાજે જ આકરાં પગલાં લઈને તે સાધુઓનાં કપડાં ખેંચી લેવાં જોઈએ અને તે સાધુઓ જો નિર્દોષ હોય તો તેમણે ચેતવણી આપનાર મહારાજ સાહેબ સામે કાયદેસર કાર્યવાહી કરીને પોતાની નિર્દોષતા પૂરવાર કરી આપવી જોઈએ.

**રમીલાબેન દેસાઈ** *(પાર્લા, મુંબઈ)*

જૈનોને જગાડવાનો જય જિનેન્દ્રનો પ્રયત્ન કેટલો સફળ થશે તે શંકાસ્પદ છે. કારણ કે "સૂતેલાને જગાડી શકાય" પરંતુ જાગતાને કશું જ ન કરી શકાય.

**નરેશચંદ્ર માંગીલાલજી** *(શિવગંજ)*

જય જિનેન્દ્ર માટે થોડાં સૂચનો છે, તેની ઉપર વિચાર કરવા વિનંતી.

૧. ભગવાનની વિશુદ્ધ દેશના જેવું સાહિત્ય આપવાનું રાખો.

૨. બોધદાયક કથાઓ પણ આવાં સામયિકોમાં હોવી જ જોઈએ.

૩. અવતરણો સીધેસીધાં આપવાના બદલે એક અવતરણ પસંદ કરીને તેનો વિચાર-વિસ્તાર આપી શકાય તો આજના વાચકોને વધારે માફક આવે અને જે તે મહાપુરુષના કથનનું રહસ્ય પામી શકાય.

૪. સામયિકમાં થોડાં પાનાં વધારીને ઉપયોગી બાબતોને પણ સમાવી શકાય.

૫. જૈનોનો ગૌરવવંતો ઇતિહાસ પણ તબક્કાવાર આપવો જોઈએ.

૬. જૈન સમાચારો વ્યાપક રીતે આપો તો સમયનાં વહેણની સાથે રહી શકાય.

**શિરીષભાઈ પારેખ** *(ગાંધીનગર)*

---

જય જિનેન્દ્ર

**બીજા વર્ષના પ્રારંભે**

# ખુલ્લું આમંત્રણ

**જૈનસંઘની સળગતી સમસ્યાઓ અંગે જય જિનેન્દ્રને પત્ર લખો અને ૧૦૦ રૂપિયાનું પ્રોત્સાહક ઈનામ મેળવો**

પ્રવર્તમાન જૈનસંઘ અનેક જાતની સમસ્યાઓથી ઘેરાઈ ગયો છે એવું તમે માનો છો? અને એ સમસ્યાઓને મુક્ત મનથી રજૂ કરવા માટે તમારી પાસે કોઈ મંચ નથી?

**આવો...**

જય જિનેન્દ્ર તમને એ મંચ પૂરો પાડે છે. તમારા વિચારો ઓછા પણ મૂલ્યવાન શબ્દોમાં, ટુ ધ પોઈન્ટ અમને લખી જણાવો. તમે એ પણ જણાવો કે તમે જેને સમસ્યા માનતા હો તેને સુલઝાવવાનો તમારી પાસે કયો આઈડિયા, ઉપાય કે રસ્તો છે. દર અંકે શ્રેષ્ઠ પત્રને મળશે ૧૦૦ રૂપિયાનું પ્રોત્સાહક ઈનામ.

કલમ અજમાવી જુઓ. આગામી માસના ઈનામવિજેતા તમે પણ હોઈ શકો.

**પત્ર આ સરનામે લખશો :**

જય જિનેન્દ્ર, પોસ્ટ બોક્સ નં. ૧૫૦૦૮, આંબાવાડી વિસ્તાર પોસ્ટ ઑફિસ, અમદાવાદ

**પ્રતિમાસ પત્ર, પ્રતિ માસ ઈનામ !**

---

## ડૉટ કૉમ @

અનાયાસે જ નેટ ઉપર સર્ફિંગ કરતાં જય જિનેન્દ્ર ઉપર નજર પડી. ધમાકેદાર મેગેઝિન લાગ્યું. આગળના અંકો પણ નેટ ઉપર મૂકવા વિનંતી. હિમાંશુસૂરીશ્વરજી મહારાજ અમારા ગુરુ થાય. જાન્યુઆરી ૨૦૦૩ના અંકમાં એમના વિષેનું લખાણ વાંચીને સ્તબ્ધ થઈ જવાયું. અમારા મનની જ વાતો લખી હોય તેવી લાગણી થઈ આવી. એ જ અંકમાં દંભ ઉપરનું ડૉ. જિતેન્દ્ર બી. શાહનું લખાણ ઘણું જ સુંદર હતું.

**એ. સી. રામાણી** *(મુંબઈ)*

દંભની ભયાનકતાવાળું લખાણ આજના સમયને અનુરૂપ હતું. આનંદઘન ચોવીસીમાંથી આપેલાં અવતરણો (જય જિનેન્દ્ર ફેબ્રુઆરી, ૨૦૦૩) પણ સુંદર હતાં. નાનપણમાં એ સ્તવનો મોઢે કર્યાં હતાં તે તાજાં કરવાની તક મળી.

**રમણલાલ વોરા** *(કલકત્તા)*

સેક્સી, નફફટ અને લંપટ સાધુઓને આવી ખુલ્લી ચેલેન્જ આપવા છતાં જો કોઈ પ્રતિકાર ન થયો હોય તો નક્કી થાય છે કે દાળમાં કંઈક કાળું નથી, પરંતુ આખી દાળ જ કાળી છે. આવા સાધુઓને હાંકી કાઢવા માટે બધું જ કરી છૂટવું જોઈએ.

**અનિલભાઈ** *(નવસારી)*

જય જિનેન્દ્ર 1st ANNIVERSARY



Dear sir,

I congratulate you for your nice and bold monthly 'Jay Jinendra.' It is quite informative and light monthly published ever. Thank you.

**Dr. S. P. Pandey**

*Asst. Director : Parshvanath Vidyapith (Varanasi)*

જય જિનેન્દ્ર એક વર્ષ પૂરું કરીને બીજા વર્ષમાં પ્રવેશ કરે છે ત્યારે આ જન્મદિવસે હાર્દિક અભિનંદન (congratulations) અને વધામણાં (greetings) આપતાં અંતરમાં અત્યંત આનંદ ઉદ્ભવે છે.

સાંપ્રત જૈન સંઘ અને સમાજ સમક્ષ સળગતા પ્રશ્નો મૂકીને 'જાગતે રહો'નું એલાન કરતું આ સામયિક, જૈન શ્રાવકો અને ગૃહસ્થોની નિષ્ક્રિયતા અને પ્રમાદને ખંખેરીને, તેમને સાચી સમજણ આપીને, સમયને ઓળખીને યોગ્ય કર્તવ્યોનો બોધ કરાવે અને એ રીતે દંભ, દેખાડા, આડંબર અને સસ્તી પ્રશંસાની 'વાહ વાહ'માં ફસાતા જતા જૈનોને, વર્તમાનમાં ઘુસાડવામાં આવેલાં દૂષણોને દૂર કરી, સાધનાનો સાચો માર્ગ બતાવીને, ભગવાન મહાવીરના સ્વકલ્યાણ અને આત્મસાધનાના માર્ગે લઈ જવામાં પ્રબળ નિમિત્ત બને એવી અપેક્ષા રાખું છું.

'એક વિરાટ વ્યક્તિત્વની ખોજ'થી માંડીને 'અયોગ્ય પદવીઓ અને કુપાત્ર દીક્ષાઓ,' 'જૈનો ધાર્મિક લઘુમતી છે કે નહિ?,' 'ગઈકાલના યતિઓ અને આજના સાધુઓ,' 'તિથિચર્ચા—મરેલો ઘોડો....,' 'ન હિ સત્યં પ્રણશ્યતિ,' 'દુરાચારીઓ....' વગેરે જેવા, આખા સમાજને સ્પર્શતા અત્યંત મહત્ત્વના પ્રશ્નો રજૂ કરીને, સત્ય પર ઢાંકવામાં આવતા અસત્યના પડદાને ચીરીને, સત્યનો પ્રકાશ ફેલાવવાની કોશિશ કરનારા તંત્રીમંડળ અને સત્યના ખોજી લેખકોને બિરદાવવા જ રહ્યા!

તે ઉપરાંત ભારતની વર્તમાન રાજકીય પરિસ્થિતિમાં અજાણતાં અને અજ્ઞાનમાં જૈનોનું અહિત ન થઈ જાય તે માટે ઘંટનાદ અને શંખનાદ કરનારા તંત્રીલેખો – 'આ લોકતંત્રમાં માગ્યા વિના કશું મળતું નથી,' 'જાહેર સંસ્થાઓ આવકવેરાના સપાટામાં,' અને 'ભૂજ નગરપાલિકાના સત્તાધારીઓ રુક જાવ' જેવા લેખો વાંચીને પણ જો જૈન પ્રજા – શ્રાવકો અને ગૃહસ્થો – ન જાગે તો તેત્રીસ લાખ (૩૩,૦૦,૦૦૦) જૈનોએ પોતાની ઉદાસીનતા, નિષ્ક્રિયતા અને આળસને કારણે જ જૈનોની દુર્દશા અને અવનતિ થાય તો તે માટે પોતે જ દોષી અને જવાબદાર છે એમ સ્વીકારવું રહ્યું.

અને નજીકના જ ભૂતકાળમાં થઈ ગયેલા મહાન આચાર્યો વિશેના માહિતીસભર લેખો – 'શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી....,' 'નૂતન વર્ષે નવી આષી' અને 'શ્રી હિમાંશુસૂરીશ્વરજી....' વગેરે વાંચીએ ત્યારે અત્યારના કેટલાક દંભી અને આડંબરી સાધુઓ અને આચાર્યો(!) કઈ કક્ષામાં, કયા સ્તર પર છે અને એમનું લક્ષ્ય શું છે તે સમજુ જૈનો જાણી વિચારી શકે છે!

સ્વામી સચ્ચિદાનંદજીએ સાચું જ કહ્યું છે કે 'જૈનોનો પૈસો પથ્થરમાં જાય છે, વૈષ્ણવોનો પૈસો પ્રસાદીમાં જાય છે અને હિંદુઓનો પૈસો યજ્ઞમાં જાય છે!'

જેમના પર આખા જૈન સંઘનો અને સાત ક્ષેત્રોમાંથી બાકીનાં પાંચ ક્ષેત્રોને નભાવવાનો ભાર અને બોજો છે તેવાં છેલ્લાં બે ક્ષેત્રો – શ્રાવક અને શ્રાવિકા – અત્યારે પીડાય છે, પીસાય છે. તે બે ક્ષેત્રો તરફ લક્ષ આપવાને બદલે નવાં નવાં મંદિરો બંધાવીને, પોતાના (વિનાશી) નામની તકતી પથ્થરમાં લગડાવવા માટે શ્રાવકોનો પૈસો પથ્થરમાં નખાવનારાઓથી હવે તો શ્રાવકોએ પોતે જ ચેતવું પડે. 'જે કાળે જે ક્ષેત્ર સીદાતું હોય તેને મદદ કરવી, તેને ટકાવવું અને તેનું રક્ષણ કરવું' એ સત્ય હવે પથ્થરમાં પૈસા વેડફનારા શ્રાવકો અને ગૃહસ્થોએ સમજી લેવું જોઈએ.

સ્થાનકવાસી સંપ્રદાયમાં એક અપેક્ષાએ સારું છે કે એ સંપ્રદાયનો પૈસો માનવસેવામાં – અનાજની સહાય અને ભોજનશાળા, દવાઓ, ઓપરેશન માટે મદદ અને દવાખાનાં, શિક્ષણ માટે ફી અને પુસ્તકો, ઉપરાંત શ્રાવક-શ્રાવિકાઓના ઉત્કર્ષ માટે અને એમના લાભાર્થે જ વપરાય છે. આપણે સમજવું જોઈએ કે શ્રાવકો અને શ્રાવિકાઓ નહિ ટકે તો બાકીનાં પાંચ ક્ષેત્રો કેવી રીતે ટકશે? એમને કોણ ટકાવશે?

ઉપર જણાવેલાં અત્યંત અગત્યના અને મહત્ત્વના પ્રશ્નો પરના લેખો ઉપરાંત – 'અવતરણ,' 'પાઠશાળા,' 'જિજ્ઞાસા,' અને 'એક મુનિવરની ડાયરીમાંથી' જેવા ઉપયોગી વિભાગોથી વાચકોની સમજણ અને માહિતી પણ વધે છે.

મારું એક સૂચન છે કે પહેલા વર્ષના બારેય અંકો (vol I)ની ફાઈલો બંધાવીને, ઊંચા અને ઉપયોગી સાહિત્યને સાચવી શકે એવા જ્ઞાનભંડારો અને લાયબ્રેરીઓમાં મોકલી આપવી, જેથી તે ભવિષ્યમાં સંશોધન કરનાર અભ્યાસુ (research scholars)ઓને ઉપયોગી થાય અને જેમાંથી જૈન સંઘ અને સમાજના સાચા અગ્રણીઓ (genuine leaders)ને યોગ્ય દિશામાં આગળ વધવા માટેનું માર્ગદર્શન મળી રહે.

'જય જિનેન્દ્ર'ને એના બીજા જન્મદિવસે દીર્ઘ આયુષ્ય ઇચ્છવા ઉપરાંત એના તેજસ્વી પ્રકાશથી, સમાજની ઊંઘ ઊડીને જાગૃતિ આવે તથા જૈનોનો પ્રતાપ ભારતમાં ફરીથી વધે એવી અંતરની ભાવના સાથે વિરમું છું.

**ડૉ. રશ્મિકાન્ત શાહ** (મલાડ, મુંબઈ)

☞ વધુ પત્રો ૧૫મા પાને

## ધ લાસ્ટ બાઇટ...

**બોધપાઠ**

પોતાના પુત્રને શ્રવણ બનાવવા ઇચ્છતી સ્ત્રીને પોતાનો પતિ શ્રવણ બને એ જરાય પસંદ હોતું નથી!

●

**સ્પંદન**

જે રાજાનો વૈદ્ય માત્ર મીઠું બોલનાર હોય તેનું શરીર, ગુરુ માત્ર મીઠું બોલનાર હોય તેનો ધર્મ અને મંત્રી માત્ર મીઠું બોલનાર હોય તેના ભંડારનો જલદી નાશ થાય છે.

*– યુગાદિદેશનામાં ઉદ્ધૃત કરાયેલા એક સુભાષિતનો સાર*

●

**ના હોય!**

પતિ : 'હું આપણા ડ્રાઇવરને કાઢી મૂકવા માગું છું. આજે ચોથી વાર હું અકસ્માતથી માંડ માંડ બચ્યો.'
પત્ની : 'એમાં આવું શું કરો છો? એને બિચારાને હજી એકાદી તક આપી જુઓ ને!'

!! अहो कार्टुनम्




Printed, Published and Owned by Nirved Acharya, 68 Niharika Bungalows, Nr. Azad Society, Ambavadi, AMDAVAD 380 015
Printed at Shivkrupa Offset Printers, 27 Amrut Industrial Estate, Nr. Dudheshvar Water Tank, Amdavad 380 004